©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**[PUBLISHED BY AUTHORITY]**

**Vol. LXVII ] THURSDAY, SEPTEMBER 3, 2026 / BHADRA 12, 1948 [ No. 36**

**Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation**

# PART I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

### CONTENT

### Part I, Part I-A, Part I-B and Part I-L


| | | Pages |
|---|---|---|
| Part-I | Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette. | 2061-2097 |
| Part-I-A | Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette. | 36 |
| Part-I-B | Government Notifications, Published under Land Acquisition Act only. | 71 |
| Part-I-L | Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act. | 929-951 |


**પોલીસ કમિશનર દ્વારા**

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ની કલમ ૩૭ (૧) અન્વયે.**

ક્રમાંક : એસ.બી./હથિયાર બંધી/૦૬/૨૦૨૬.- સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

**:: હુકમ ::**

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

**:: પ્રતિબંધિત કૃત્યો ::**

(ક) કોઈપણ શસ્ત્ર કે શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક વ્યથા પહોંચાડવામાં ઉપયોગી થઇ શકે તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઇ શકે તેવી બીજી ચીજો લાવવા-લઇ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા પર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઇ જાહેર જગ્યાઓએ જવા, પ્રદર્શન કરવા, હવામાં ફાયર કરવા કે કોઇની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લાવવા લઇ જવા પર.

(ગ) શરીરને હાનિકારક એવા કોઇપણ સ્ફોટક પદાર્થ/ચીજવસ્તુ લાવવા-લઇ જવા પર.

(ઘ) પત્થરો તેમજ બીજા શસ્ત્રો/યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો કે સાધનો લાવવા-લઇ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઇને આવું કહેવા પર તેમજ તૈયારી કરવા પર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા,ખરીદ કરવા તેમજ ઓનલાઇન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(જ) કોઇપણ વ્યકિતનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઇપણ વ્યક્તિની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા, દેખાડવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

**:: અપવાદ ::**

**આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.**

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇ પણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**:: અમલવારીનો સમય ::**

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૭/૦૧/૨૦૨૬ ના ક.૦૦-૦૦ થી તા.૧૦/૦૨/૨૦૨૬ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ:- ૨૩/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

------------------

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ની કલમ ૩૭ (૩) અન્વયે.**

ક્રમાંક:એસ.બી./ચાર કરતા વધુ વ્યક્તિ ભેગા થવા ઉપર/૦૭/૨૦૨૬.- સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

**હુકમ**

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

**પ્રતિબંધિત કૃત્યો**

સુરત કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર રસ્તા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરધસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

**અપવાદ**

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એન્જસી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

**અમલવારીનો સમય તથા વિસ્તાર**

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૭/૦૧/૨૦૨૬ ના ક.૦૬-૦૦ થી તા.૧૦/૦૨/૨૦૨૬ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી હકુમનો અમલ કરવાનો રહેશે.

**:: શિક્ષા ::**

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે

આજ તારીખ :૨૩/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે

**અનુપમ સિંહ ગહલૌત**
પોલીસ કમિશનર
સુરત શહેર

-------------------

**જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

// **વાંચ્યા** //

1. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરના પત્ર જા.નં.પીબી/૨૪૯૫/૨૦૨૫, તારીખ: ૧૩/૧૧/૨૦૨૫

2. અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: નં.એમએજી/વશી/૨૨૪૨/૨૦૨૫, તા.૨૧/૧૧/૨૦૨૫

3. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરના પત્ર જા.નં.પીબી/૪૬/૨૦૨૬, તારીખ: ૦૫/૦૧/૨૦૨૬

**// જાહેરનામું //**

નં.એમએજી/વશી/૪૭/૨૦૨૬.-વંચાણ-(૧) થી ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના આદેશ અનુસાર રાજ્યના તમામ બ્રિજની સ્થળ મુલાકાત કરી અહેવાલ સાદર કરવા જણાવેલ છે. જે બાબતે તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ, આલેખન વર્તુળ, ગાંધીનગરના પ્રતિનિધિશ્રી તથા કન્સલ્ટન્ટશ્રી મે.પંકજ એમ.પટેલ તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરની કચેરીના સ્ટાફ દ્વારા સદર ઓરસંગ બ્રિજની સંયુક્ત સ્થળ મુલાકાત કરવામાં આવેલ હતી. સદર બ્રિજ અંદાજે ૫૧ વર્ષ (બાંધકામ વર્ષ-૧૯૭૪) જુનો હોવાનું જણાવેલ છે, તેમજ બેલેન્સ્ડ કેન્ટીલીવર આર્ચ ટાઈપનો છે. સદર બ્રિજના ૧૩ ગાળા (એક ગાળાની લંબાઈ ૩૬.૫૮ મીટર છે) આમ કુલ ૪૭૫.૫૪ મીટર લંબાઇનો બ્રિજ છે. સદર બ્રિજનું ફાઉન્ડેશન વેલ ફાઉન્ડેશન પ્રકારનું છે. છેલ્લા ઘણા વર્ષોથી સદર બ્રિજની આજુબાજુ થી રેતી ખનન થવાના કારણે સદર બ્રિજના વેલ ફાઉન્ડેશન અંદાજે ૨૪ ફુટ (અંદાજે ૮ મીટર) ખુલ્લા થઈ ગયેલ છે. રેતી ખનન

થવાના કારણે સદર વેલ ફાઉન્ડેશનનો આજુબાજુનો સપોર્ટ ધોવાણ થયેલ છે. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુરની કચેરી દ્વારા વેલ ફાઉન્ડેશન ધોવાણથી ગેબિયન વોલ પિચિંગની કામગીરી કરવામાં આવેલ છે,પરંતુ ઉપરવાસમાં વર્ષ-૨૦૨૪ અને જુન-૨૦૨૫ દરમિયાન થયેલ ભારે વરસાદના કારણે નદીના પાણીની આવકના કારણે ગેબિયન વોલ પિચિંગનું ધોવાણ થયેલ છે.

વધુમાં, તા. ૧૧/૦૭/૨૦૨૫ ના રોજ થયેલ આલેખન વર્તુળના પ્રતિનિધિ તેમજ કન્સલ્ટન્ટશ્રીના જણાવ્યા મુજબ, ભવિષ્યમાં ભારે વરસાદના સમયે સદર વેલ ફાઉન્ડેશન સેટલમેન્ટ થવાની સંભાવના રહેલ છે. તથા ચાલુ ટ્રાફિક હોવાના કારણે જાનહાની થવાની શક્યાતાઓ રહેલ હોવાથી સદર બ્રિજ પર વાહન વ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવા ભલામણ કરેલ હતી.

સદરહું બ્રિજની નજીકના વિસ્તારમાં રેતીની લીઝો, રેતીના સ્ટોક આવેલ હોવાથી દરરોજના અંદાજિત ૪૦ થી ૫૦ ટનના ભારે વાહનોની અવર-જવર થાય છે. જેથી ભવિષ્યની અસર ધ્યાને લેતા બ્રિજને ભારે વાહનો (૧૦ ટનથી વધારે વજન તેમજ ૨(બે) એકસલ થી વધારે એકસેલ વાળા વાહનો) પ્રતિબંધ કરીને માત્ર એસ.ટી.બસ, એમ્બ્યુલન્સ તથા ફાયર ફાયટીંગ જેવા ઇમરજન્સી વાહનો તથા બાઇક, મોટરકાર જેવા વાહનોને બ્રિજની મરામતની કામગીરી શરૂ થાય ત્યાં સુધી પસાર થવા દેવાની ભલામણ કરેલ હતી જે અન્વયે વંચાણ-(૨) થી તા.૨૧/૧૧/૨૦૨૫ થી તા.૨૦/૧૨/૨૦૨૫ સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું.

વંચાણ-(૩) થી ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના પત્ર નંબર. RBD/૦૭૦૩/૧૨/૨૦૨૫, તા.૧૬/૧૨/૨૦૨૫ થી ઈમર્જન્સી વર્ક હેઠળ સંખેડા તાલુકામાં આવેલ ઓરસંગ નદીમાં નવીન ડાયવર્ઝન બનાવવા અર્થે મંજુરી મળેલ છે. જેથી સદરહું સ્થળ પર માટીકામ અને મેટલ કામની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. સદર નદીના પટમાં કોંક્રીટ હેડ વોલ અને પાઈપ કલવર્ટ બનાવવાની કામગીરી ટુંક સમયમાં શરૂ કરવાની હોય સદર સ્થળે ચાલુ ટ્રાફિક બંધ કરવાની જરૂરીયાત રહેલ છે. જે અન્વયે સદર રસ્તો વાહન વ્યવહાર માટે તા.૦૭/૦૧/૨૦૨૬ થી તા.૧૯/૦૧/૨૦૨૬ (દિન-૧૨) સુધી બંધ કરવા માંગણી કરેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)ી, છોટાઉદેપુરની માંગણી અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ સંખેડા-ભાટપુર-વાસણા રોડ કી.મી. ૨/૮૦૦ થી ૨૯/૪૦૦ (ઓરસંગ બ્રિજ ચેઇનેજ ૩/૦ થી ૪/૦) પર સંપૂર્ણ વાહન વ્યવહાર બંધ કરવા આથી નીચે મુજબ ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરું છું”

1. સંખેડા થી ડભોઈ-વડોદરા તરફ જતા તમામ વાહનો સંખેડા થી હાંડોદ ચોકડી થઇ રતનપુર રોડ થઈ કરનેટ રોડ થઇ કરનેટ બ્રિજ થઇ બોરીયાદ થઇ ડભોઇ જઈ શકાશે

2. સંખેડા થી છોટાઉદેપુર તરફ જતા તમામ વાહનો સંખેડા થી માંકણી થઈ મોડાસર ચોકડી થઇ છોટાઉદેપુર જઇ શકાશે.

3. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ), છોટાઉદેપુર દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે તેમના/પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયવર્ઝન માર્ગ પર ડાયવર્ઝન તથા ગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.

4. સંખેડા-બહાદરપુર બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪X૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ પોલીસ અધિકારીશ્રીઓ, આરટીઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગ ના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને સંખેડા-બહાદરપુર બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

**// અમલવારીનો સમય //**

સદરહુ જાહેરનામું ૧૩/૧/૨૦૨૬ તારીખથી તા.૨૩/૦૧/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

સદરહુ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા નેશનલ સ્ટેટ ઓથોરીટીના તાબાના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી સુધીનો હોદો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે, જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૧૩-૦૧-૨૦૨૬ મુજબ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

-------------

1. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), છોટાઉદેપુરના જા.નં./જિ.પં/બાંધકામ/વશી/પીબી/૧૭૨૬-૨૮/૨૦૨૫, તારીખ: ૦૩/૧૨/૨૦૨૫

2. અત્રેની કચેરીના જાહેરનામાં નં.એમએજી/વશી/૨૩૨૭/૨૦૨૫, તા.૦૮/૧૨/૨૦૨૫

3. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), છોટાઉદેપુરના પત્ર જા.નં./જિ.પં/બાંધકામ/વશી/પીબી/૭૦-૭૨/૨૦૨૬, તારીખ: ૧૫/૦૧/૨૦૨૬

**// જાહેરનામું //**

નં.એમએજી/વશી/૪૭/૨૦૨૬.-વંચાણ-(૧) થી કાર્યપાલક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), છોટાઉદેપુરની પેટા વિભાગીય કચેરી, જેતપુરપાવી હસ્તકના જેતપુર કદવાલ રોડ સેક્શન લંબાઇ ૧૦/૦૦ થી ૨૫/૪૦૦ કિ.મી. અન્ય જિલ્લા માર્ગ કક્ષાનો રસ્તો છે. સદરહું રસ્તાની ચેઇનેજ ૧૦/૬૦૦ થી ૧૦/૮૦૦ કિ.મી. ભારજ નદી પર સને ૧૯૭૦ માં (અંદાજિત ૫૪ વર્ષ જુનો) બાંધકામ થયેલ ૨૬૯.૦૦ મી. લંબાઇનો (૨૪.૪૦ મી. ના ૧૧ ગાળાનો) મેજર બ્રિજ આવેલ છે.

સદરહું બ્રિજના સર્વે રીપોર્ટ મુજબ બ્રિજના સુપર સ્ટ્રકચરમાં ગર્ડર તેમજ કેન્ટીલીવર સ્લેબના સળિયા બહાર દેખાઈ આવેલ છે. તેમજ સળિયામાં કાટ લાગેલ છે તથા બ્રિજના ફાઉન્ડેશનમાં કોઇ ક્ષતિ જણાઈ આવેલ નથી. માત્ર સ્લેબ અને ગર્ડરમાં નુકશાન જણાયેલ છે.

સદરહું બ્રિજની નજીકના વિસ્તારમાં ગ્રેનાઇટની ખાણો આવેલ હોવાથી દરરોજના અંદાજીત ૮૦ થી ૧૦૦ ટનના ભારે વાહનોની અવર-જવર થાય છે તેમજ સદરહું બ્રિજની બાજુમાં ઓરસંગ અને ભારજ નદીમાં રેતીની લીઝો આવેલ હોવાથી રેતી ભરેલા ભારે વાહનો પસાર થતાં હોવાથી ભવિષ્યની અસર ધ્યાને લેતા બ્રિજને "ભારે વાહનો (૨૦ ટન થી વધારે વજન તેમજ ૨-એક્સેલથી વધારે એક્સેલ વાળા વાહનો) પ્રતિબંધિત કરીને માત્ર એસ.ટી.બસ, એમ્બ્યુલન્સ તથા ફાયર ફાઈટીંગ જેવા ઇમરજન્સી વાહનો તથા અન્ય હળવા વાહનોને પસાર થવા દેવાની ભલામણ કરેલ જે અન્વયે વંચાણ-(૨) થી તા.૦૮/૧૨/૨૦૨૫ થી તા.૦૪/૦૧/૨૦૨૬ સુધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું.

વંચાણ-(૩) થી મળેલ અહેવાલ મુજબ હાલમાં બ્રિજની પેરાપેટ વોલ, એક્સપાન્સ જોઇન્ટ, વેરિંગ કોટ જેવી બ્રિજ મરામત જેવી આનુષંગિક કામગીરી સુચારૂ રીતે થઇ શકે તે માટે સદરહું બ્રિજ પર તમામ પ્રકારના વાહનો જેવા કે મોટર સાઇકલ, કાર, તમામ પ્રકારના માલવાહક વાહનો, મુસાફર પરિવહન વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર ફાઈટીંગ તેમજ ભારે વાહનોને પ્રતિબંધિત કરીને સદરહું બ્રિજના ડાઉન સ્ટ્રીમમાં બનાવેલ કામચલાઉ ડાયવર્ઝન રૂટ પરથી પસાર થવા દેવાની ભલામણ કરેલ છે

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), છોટાઉદેપુરની ભલામણ અન્વયે હું ગાર્ગી જૈન, IAS, જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેરનામાં બહાર પાડવાની મને મળેલ સત્તાની રૂએ આથી નીચે મુજબ ડાયવર્ઝન અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

1. સદરહું બ્રિજના ડાઉન સ્ટ્રીમમાં બનાવેલ કામચલાઉ ડાયવર્ઝન રૂટ પરથી અવર-જવર કરી શકશે.

2. કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત); છોટાઉદેપુર દ્વારા સદરહુ જાહેરનામાં અન્વયે તેમના/પોતાના કાર્યક્ષેત્ર હેઠળ આવતા ડાયવર્ઝન માર્ગ પર ડાયવર્ઝન તથાગતિ સીમા અંગેના સાઈન બોર્ડ લગાવવાના રહેશે.H

3. જેતપુર-કદવાલ બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન, અકસ્માત નિવારણ અને માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા ૨૪x૭ પોલીસ બંદોબસ્ત રાખવાનો રહેશે તેમજ પોલીસ અધિકારીશ્રીઓ, આરટીઓના અધિકારીશ્રીઓ તેમજ મહેસુલ વિભાગના અધિકારીશ્રીઓએ સંકલનમાં રહીને જેતપુર-કદવાલ બ્રિજ ઉપર ટ્રાફિક નિયમન અંગેની કામગીરી કરવાની રહેશે.

**// અમલવારીનો સમય //**

સદરહુ જાહેરનામું ૨૩/૧/૨૦૨૬ થયા તારીખથી તા.૧૫/૦૨/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) અમલમાં રહેશે.

**// સજા //**

સદરહુ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે છોટાઉદેપુર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉચ્ચ કક્ષાનો હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓ, કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત) તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી (પંચાયત) સુધીનો હોદો ધરાવનાર અધિકારીશ્રીઓ આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યક્તિઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે. જેથી પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરિયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પોતે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ તારીખ ૧૩-૦૧-૨૦૨૬ મુજબ મારી સહી તથા કચેરીનો સિક્કો કરવામાં આવ્યો.

**ગાર્ગીજૈન**
જિલ્લા મેજિસ્ટ્રેટ
છોટાઉદેપુર

-------------

**જાહેરનામું**

**:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું::**

ક્રમાંક:ફજદ/રોડ બંધ/ભારે વાહનો/વશી- ૧૮૦ થી /૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ (મા×મ) વિભાગ(રાજય),આહવા, જિ.ડાંગના તા.૦૮/૦૯/૨૦૨૫ના પત્ર નં.પી.બી./૯૧૯/૨૦૨૫ થી તેઓના પેટા વિભાગ હસ્તકના વઘઇ-સાપુતારા રોડ પર આવેલ અંબિકા નદી પરના નંદીઉતારા બ્રિજ મેજર બ્રિજ આવેલ છે. સદર બ્રીજની સ્ટ્રેન્થનીંગની કામગીરી પ્રગતિમાં છે. જેમાં ગનાઈટીંગ અને ગ્રાઉટીંગની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. સદર બ્રીજ સરકારશ્રી દ્વારા નીમવામાં આવેલ બ્રીજ કન્સલ્ટન્ટ દ્વારા ચકાસણી કરી વધુમાં વધુ ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીક્ટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા અભિપ્રાય આપવામાં આવેલ છે. જેથી સદર બ્રીજ પરથી ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીકટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા દેવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, શાલિની દુહાન(આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ,ડાંગ-આહવા,ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ વઘઇ - સાપુતારા રોડ પર આવેલ અંબિકા નદી પરના નંદીઉતારા બ્રિજ મેજર બ્રિજ ઉપર સરકારશ્રી દ્વારા નીમવામાં આવેલ બ્રીજ કન્સલ્ટન્ટ દ્વારા ચકાસણી કરી વધુમાં વધુ ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીક્ટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા ના અભિપ્રાય સાથે સહમત થઈ ૨૫ ટન સુધીની વજન ક્ષમતા ધરાવતા વાહનોને સ્ટ્રીકટ ટ્રાફિક કન્ટ્રોલ સાથે પસાર થવા દેવા તથા ૨૫ ટન થી વધુ ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું તેમજ નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂં છું.

**::વૈકલ્પિક માર્ગ::**

રસ્તાનું નામ:- વઘઇ-સાપુતારા રોડ કિમી ૬૧/૦ થી ૧૦૩/૩૦૦

બ્રિજનો પ્રકાર:- મેજર બ્રિજ

વૈકલ્પિક રસ્તાનું નામ:- (૧) હાથગડ-સુરગાણા-ઉમરથાણા-બિલ્ધા-આવધા-ધરમપુર રોડ

(૨) હાથગડ-સુરગાણા-ઉમરથાણા-બોપી-કાવડેજ-વાંસદા રોડ

**::અપવાદ::**

આ હુકમ નીચેના વાહનોને લાગુ પડશે નહીં.

(ક) GSRTC નિગમની બસો.

(ખ) દૂધવહન કરતાં દૂધશીત કેન્દ્ર/દૂધમંડળીનાં વાહનો.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ-આહવા દ્વારા મુકિત આપવામાં આવેલ વાહનો.

**:: શિક્ષા ::**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનાં દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ હસ્તકનાં કાર્યપાલક ઇજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીને આ જાહેરનામાનાં ભંગ/ઉલ્લંઘન બદલ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

**::અમલવારીનો સમય::**

આ હુકમ તા. ૧૯/૦૧/૨૦૨૬ના ક.૦૦/૦૦ થી તા. ૨૮ /૦૨/૨૦૨૬ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા, કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન સ્ટેટ, આહવા તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આહવા-ડાંગએ સદર જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવવા ઉકત મુજબના સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ થાય તે અંગેની કામગીરી કરવાની રહેશે.

આજ તા. ૧૯/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

-------------

**જાહેરનામું**

**:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું::**

ક્રમાંક : ફજદ/રોડ બંધ/ભારે વાહનો/વશી-૨૧૧ થી ૨૪૨/૨૦૨૬-કાર્યપાલક ઈજનેરશ્રી, ડાંગ પંચાયત (મા×મ) વિભાગ, આહવા, જિ.ડાંગના તા.૦૯/૦૧/૨૦૨૬ ના પત્ર નં.જપડ/કાઈ/પીબી/વશી/૪૬/૨૦૨૬ના પત્ર મુજબ તેઓના પેટા વિભાગ આહવા હસ્તકના ધવલીદોડ ધુડા પિપલાઈદેવી રોડ કિ.મી. ૧૦/૨ થી ૧૦/૪ (ધુડા ખાતે) માઈનોર બ્રીજ આવેલ છે. સરકારશ્રી દ્વારા નિમાયેલ માર્ગ અને મકાન (આલેખન વર્તુળ, ગાંધીનગરના) તાંત્રિક તજજ્ઞો દ્વારા સદર બ્રીજનું નિરીક્ષણ કરવામાં આવેલ છે. તેમનાં દ્વારા રજૂ કરેલ અહેવાલ મુજબ સદર બ્રીજ પુઅર કેટેગરીમાં જણાવેલ છે. તેથી સદર બ્રીજ નાનાં વાહનો માટે ચાલુ રાખવા તેમજ ભારે કોર્મશીયલ વાહનો માટે પ્રતિબંધિત કરવા જણાવેલ છે. જેથી સદરહું ધવલીદોડ ધુડા પિપલાઈદેવી રોડ પર ધુડા ખાતે આવેલ માઈનોર બ્રિજ ઉપરથી ભારે વાહનોના અવર જવર માટે ૬ (છ) માસના સમયગાળા માટે પ્રતિબંધિત કરવા માટેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, શાલિની દુહાન (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ સદરહું ધવલીદોડ ધુડા પિપલાઈદેવી રોડ પર ધુડા ખાતે આવેલ માઈનોર બ્રિજ ઉપર ભારે કોમર્શિયલ વાહનોના અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂં છું.

**::વૈકલ્પિક માર્ગ::**

વૈકલ્પિક રસ્તાનું નામ:- ધુડા હિંદળા થઇ પિપલાઈદેવી કુલ ૫.૫૦ કિ.મી. (પિપલાઈદેવી તરફ.)

**::અપવાદ::**

આ હુકમ નીચેના વાહનોને લાગુ પડશે નહીં.

(ક) દૂધવહન કરતાં દૂધશીત કેન્દ્ર/દૂધમંડળીનાં વાહનો.

(ખ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ડાંગ-આહવા દ્વારા મુકિત આપવામાં આવેલ વાહનો.

**:: શિક્ષા ::**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ હસ્તકના કાર્યપાલક ઇજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીને આ જાહેરનામાના ભંગ/ઉલ્લંઘન બદલ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

**::અમલવારીનો સમય::**

આ હુકમ તા. ૧૯/૦૧/૨૦૨૬ના ક.૦૦/૦૦ થી તા. ૧૭ /૦૨/૨૦૨૬ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવા, કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન (પંચાયત), આહવા તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આહવા-ડાંગએ સદર જાહેરનામાનો ચુસ્તપણે અમલ કરાવવા ઉક્ત મુજબના સૂચવેલ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ થાય તે અંગેની કામગીરી કરવાની રહેશે.

આજ તા. ૧૯/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી અને સિક્કો કરી આપવામાં આવ્યો છે.

**શાલિની દુહાન,**
જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

-------------

-:: જાહેરનામું ::-

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે. :-**

નં.ડીસીબી/એમએજી-૧/Pathik જાહેરનામું/રજી.૧૦૪/વશી. ૩૭૦ થી ૪૩૦ /૨૦૨૬.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૨૯/૧૨ /૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લાની હદને અડીને મહારાષ્ટ્ર રાજ્ય, કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ આવેલ છે અને જિલ્લામાંથી નેશનલ હાઈવે નંબર ૪૮ પસાર થાય છે. વલસાડ જિલ્લા, કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે પ્રવાસન સ્થળો તથા નાના-મોટા ઔધોગીક એકમો આવેલા છે. જેના કારણે વલસાડ જિલ્લામાં દેશ-વિદેશ તથા રાજ્ય બહાર અને ગુજરાત રાજ્યના લોકો પ્રવાસ કે કામધંધા અર્થે આવે ત્યારે વલસાડ જિલ્લામાં શહેર કે હાઈવે રોડ ઉપર આવેલ હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, લોજ જેવા ભાડુ લઈ રોકાણની સુવિધા પુરી પાડતા એકમમાં રોકાણ કરતા હોય છે. જેમાં ગુન્હાહિત અને ભાંગફોડીયા પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઈસમો ગુન્હાહિત પ્રવૃત્તિ આચરવા માટે હોટલ/ગેસ્ટ હાઉસમાં ખોટા કે બીજી વ્યક્તિના નામના ઓળખના પુરાવા, મોબાઈલ નંબર આધારે રોકાણ કરી ગુન્હાહિત પ્રવૃત્તિ આચરી નાસી જઈ જાહેર સલામતી, શાંતી અને મિલ્કતને નુકશાન પહોંચાડતા હોવાનું અને હોટલ/ ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં અધુરી અને અનિયમિત નોંધ, સી.સી.ટી.વીની વ્યવસ્થા અને રેકોર્ડીંગ, ઓળખના પુરાવા તથા મોબાઈલ નંબરનું વેરીફીકેશન અને પથિક સોફ્ટવેરમાં અનિયમિત એન્ટ્રી થતી હોવાનું જાણવા મળેલ છે. અમુક એકમોમાં મોટે ભાગે વિદેશી નાગરીકો તેમજ આંતર રાજયના નાગરીકો તથા રાજયના વિવિધ જિલ્લાઓના નાગરીકો, વેપારીઓ, ટેકનિશ્યનો વિવિધ કામકાજ અર્થે આવતા જતા હોય છે અને તેઓ ટૂંકા સમય માટે હોટલોમાં રોકાતા હોય છે. ભુતકાળમાં બનેલ બનાવોની તપાસ દરમિયાન બહાર આવેલ હકીકતો મુજબ કેટલીકવાર ઉપરોકત જણાવ્યા મુજબના નાગરીકો, વેપારીઓની આડમાં આતંકવાદી, ત્રાસવાદી પ્રવૃતિ કરવા રોકાણ કરી આજુબાજુના વિસ્તારોમાં શહેરની ભીડભાડ વાળી જગ્યા, મોટી હોસ્પિટલો ઔધૌગિક એકમો, સરકારી કચેરીઓ, અતિ સંવેદનશીલ જગ્યાઓ વિગેરેની રેકી કરી આંતકવાદી પ્રવૃતિ, અસામાજીક પ્રવૃતિ, ચોરી, લુંટફાટની પ્રવૃતિને અંજામ આપતા હોય છે અને જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તેમજ શાંતિ અને સલામતી ડહોળવાના પ્રયાસો કરે તેવી શક્યતા નકારી શકાય નહિ.

અમુક ઔધોગિક વિસ્તાર આસપાસની હોટલોમાં ઈમોરોલ ટ્રાફીકીંગની પ્રવૃતિ પણ ઉપર જણાવ્યા મુજબ વેપાર ધંધાની આડમાં તેમજ સ્પા, મસાજની આડમાં થતી હોવાના કિસ્સાઓ રાજયમાં ભુતકાળમાં બનવા પામેલ છે. જેથી જિલ્લાની કાયદો અને વ્યવસ્થાની તેમજ શાંતી અને સલામતિની વ્યવસ્થા જાળવી રાખવા સારૂ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ઉપર નિયંત્રણો મુકવા ખુબ જરૂરી જણાય છે. આ માટે ગુજરાત પોલીસ દ્વારા “PATHIK” (Program for Analysis of Traveler and Hotel Informatics) સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે. જે સોફ્ટવેર હાલ સફળતા પૂર્વક કાર્યરત છે. આ સોફ્ટવેરમાં ઓનલાઇન હોટલ, લોજ વિગેરેમાં આવતા મુસાફરોની ઓનલાઇન એન્ટ્રી કરવાની રહે છે. આ સોફ્ટવેર અત્રેના જિલ્લા ખાતે હાલ કાર્યરત છે અને તેનું નિયંત્રણ સ્પેશ્યલ ઓપરેશન ગૃપ વલસાડ દ્વારા કરવામાં આવી રહેલ છે. જેથી જિલ્લાની તમામ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા, કોર્પોરેટ હાઉસ કે જેઓ મુસાફરો, વેપારીઓ વિગેરેને ટૂંકો આશરો આપે છે એ તમામે આ સોફ્ટવેરમાં ઓનલાઇન એન્ટ્રી કરવાની રહે છે. જેને માટે પ્રથમ તેઓએ એસ.ઓ.જી. શાખા વલસાડ/વાપી ખાતેની કચેરીએ જઇ તેઓની હોટલ /એકમ આ સોફ્ટવેરમાં રજીસ્ટર કરાવવાનું રહેશે અને તેઓના યુઝર આઇ.ડી. પાસવર્ડ મેળવવાના રહેશે ત્યારબાદ જ તેઓ આ સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરી શકશે. જેથી ઉપરોક્ત સુચના મુજબ અગમચેતીના પગલાં રૂપે સાવચેતી તથા તકેદારીના પગલાં લેવાના હેતુસર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના સંચાલકોએ પથિક સોફ્ટવેરમાં મુસાફરોની એન્ટ્રી કરવા માટે નીચે જણાવ્યા મુજબની સુચનાનું ચુસ્તપણે પાલન કરાવવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, વલસાડ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આવેલ અને પ્રવાસીઓને રહેવાની સગવડ પુરી પાડતી તમામ સ્થાનિક હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ના સંચાલકોએ ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રી કરવા માટે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવાનું રહેશે અને તેમાં ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ “PATHIK” (Program for Analysis of Traveler and Hotel Informatics) ઈન્સ્ટોલ કરવાની રહેશે તેમજ તે મેન્યુઅલ રજીસ્ટરમાં થતી તમામ એન્ટ્રીઓ આ “PATHIK” એપમાં ફરજીયાતપણે ઓનલાઈન કરવાની રહેશે.

આ હુકમ તા.૧૪/૧૦/૨૦૨૫ થી તા.૧૪/૧૨/૨૦૨૫ (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

**-:શિક્ષા :-**

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ની જોગવાઇ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:૧૨/૧/૨૦૨૬ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

---------------------

-:: જાહેરનામું ::-

-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે. :-

નં.ડીસીબી/એમએજી-૧/સ્થળ-જગ્યા ભાડે/રજી.૦૫/વશી.૪૩૧ થી ૪૮૫/૨૦૨૬.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૨૯ /૧૨/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લા તથા જિલ્લાને અડીને આવેલ મહારાષ્ટ્ર રાજ્ય તથા કેન્દ્રશાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસમાં નાના-મોટા ઔધોગિક એકમ તથા પ્રવાસન ક્ષેત્ર વિકાસ પામેલ છે. તેની સાથે ટ્રાન્સપોર્ટ, વાહન વ્યવહાર તથા નાના-મોટા ધંધાઓ ખુબ જ મોટી સંખ્યામાં છે. આ ઔધોગિક એકમ, ટ્રાન્સપોર્ટ, હોટલ-રેસ્ટોરન્ટ, નાના-મોટા ધંધા અન્ય રોજગાર-વ્યવસાય, ભંગાર અને માલના ગોડાઉન વિગેરે જગ્યાએ મોટાભાગે પરપ્રાંતીય લોકો કામ કરે છે. આ તમામ પરપ્રાંતીય લોકો ઔધોગિક વિસ્તાર તથા રહેણાંક સોસાયટી તથા સ્લમ/ચાલી વિસ્તારમાં ભાડેથી વસવાટ કરે છે. જે પૈકી ગુન્હાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો ગુન્હાહિત પ્રવૃતિને અંજામ આપી જિલ્લા/રાજ્ય બહાર નાસી જતા હોય છે. અને પોલીસની તપાસ દરમ્યાન તેના રહેણાંકની જગ્યાએ તપાસ કરતા રૂમ/મકાનના માલિક દ્વારા જે-તે વ્યકિતના ઓળખના પુરાવા ભાડા કરાર કરવામાં આવેલ હોતા નથી કે જે-તે રૂમ/મકાન ભાડા કરાર એક જ વ્યકિત સાથે કરવામાં આવેલ છે. પરંતુ તેની સાથે રહેતા અન્ય મહિલા/પુરૂષના નામ-સરનામા, આધાર પુરાવા કે ફોટોગ્રાફસ કે મોબાઈલ નંબર વિગેરેની માહિતી મેળવવામાં આવતા નથી. જેના કારણે ગુન્હાહિત પ્રવૃતિ સાથે સંકળાયેલ વ્યકિતઓની ઓળખ થઈ શકતી નથી ખોટા અથવા બીજા વ્યક્તિના આધાર પુરાવા આધારે વસવાટ કરતા હોય જે-તે વ્યકિતની ઓળખ કે ધરપકડ થઈ શકતી નથી. વલસાડ જિલ્લાના ખાસ કરીને સગીર વયની છોકરીના અપહરણ/ભગાડી જવા કે સગીર બાળકો સાથે જાતીય અપરાધના બનાવમાં જિલ્લા/રાજ્ય બહારના વ્યક્તિઓની સંડોવણી જણાઈ આવતી હોય જેના કારણે મહિલા/બાળકો સાથે બનતા બનાવો તથા વ્યક્તિઓની ઓળખ પ્રસ્થાપિત કરી ગુનાઓ અટકાવવા અને ગુનાઓ શોધવા જે-તે વ્યકિતના ઓળખના પુરાવા લીધા વગર રૂમ, મકાન, ચાલી, દુકાન, ગોડાઉન તથા રહેણાંક તરીકે ઉપયોગમાં લેવામાં આવતા દરેક સ્થળ/જગ્યા ભાડેથી આપતા હોય છે. જેથી આવી રીતે ભાડેથી રહેણાંકની સુવિધા પુરી પાડતા જગ્યા/મકાનના માલિક ઉપર નિયંત્રણો લાવવા જરૂરી છે. આ માટે રહેણાંક/ધંધા માટે ભાડેથી જગ્યા/મકાન પુરી પાડતા વ્યકિત/સંસ્થા નીચે મુજબની અમલવારી કરે તે સારૂ જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે. ઉપરોક્ત દરખાસ્ત ધ્યાને લેતા લોકોના જાન-માલની સુરક્ષા તથા ગુન્હાહિત પ્રવૃતિને અંકુશમાં રાખવા માટે ભાડેથી મકાન, ધંધાના એકમો, દુકાન, ઓફિસો આપતા માલિકો ઉપર નિયંત્રણો મુકવાનું જરૂરી જાણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

૧. સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો એ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમો ભાડે આપેલ છે તેવા મકાનો/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો નીચે જણાવેલ માહિતી તૈયાર કરી સંબધિત પોલીસ સ્ટેશને આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન-૨૦માં આપવાની રહેશે.

૨. સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ મકાન/દુકાન/ ઓફિસના માલિકો/ઔધિગિક એકમોના સંચાલકો અગરતો આ માટે આવા મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔધોગિક એકમોના સંચાલકો એ ખાસ સત્તા આપેલ વ્યકિત જ્યારે મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમો હવેથી ભાડે આપે ત્યારે તેઓએ સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન/દુકાન/ઓફિસ/ઔધિગિક એકમ ભાડે આપી શકાશે નહીં. હવે પછીથી ભાડે આપેલ મકાન/દુકાન/ઓફિસ/ઔધોગિક એકમની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓને ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન-૨૦ માં આપવાની રહેશે.

૩. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆતના, તથા તેની સાથે ધંધામાં સંકળાયેલ તથા વાસવાટ કરતા દરેક વ્યક્તિના ફોટા, આઈ-ડી પ્રુફ મેળવવા અને નોટરરાઈઝ ભાડા કરાર કરવો તથા ભાડા કરારમાં ભાડેથી લેનારના સાક્ષીના પણ ઓળખના પુરાવા તથા મોબાઈલ નંબર મેળવવા.

૪. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆત અને તેની સાથે રહેતા ધંધા કરતા તથા રહેતા દરેક વ્યકિત કઈ કંપની, દુકાન, ફેકટરી, ગોડાઉન, ધંધાકીય સ્થળમાં કામ કરે છે તેનુ પુરેપુરૂ નામ-સરનામું, નંબર મેળવવા તથા વેરીફાય કરવું.

૫. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆત અને તેની સાથે રહેતા દરેક વ્યકિતના મુળ વતનનું નામ-સરનામું તથા વતનના સ્થાનિક પોલીસ સ્ટેશનનું નામ-મોબાઈલ નંબર મેળવવા.

૬. સમગ્ર વલસાડ જિલ્લામાં જગ્યા/મકાન ભાડે આપનાર માલિક નોટરરાઈઝ ભાડા કરાર બનાવી જરૂરી આધાર પુરાવા મેળવી નમુનાનુ ફોર્મ તથા ભાડા કરારની સર્ટીફાઈડ નકલ આ સાથે સ્થાનિક પો.સ્ટેમાં જાણ કરવી.

૭. ઉપરોક્ત વિગતો નિયત સમયમાં પોલીસ સ્ટેશનએ જમા કરાવી પહોંચ મેળવી લેવાની રહેશે અને તપાસણી માટે અધિકૃત કરેલ અધિકારી માગે ત્યારે તે પહોંચ રજુ કરવાની રહેશે.

૮. સમગ્ર વલસાડ જિલ્લામાં ભાડુઆતની કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જણાઈ આવ્યેથી તાત્કાલિક સ્થાનિક પોલીસ અને જિલ્લા પોલીસ વિભાગને જાણ કરવાની રહેશે.

આ હુકમ તા.૨૦/૦૧/૨૦૨૬ થી તા.૨૦/૦૩/૨૦૨૬ (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૨૦/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી હુકમ બહાર પાડયો.

--------------------

**-:: જાહેરનામું ::-**

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે. :-**

નં.ડીસીબી/એમએજી/CCTV જાહેરનામું/રજી.૦૬ /વશી.૪૮૬ થી ૫૪૫ /૨૦૨૬.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૨૯/૧૨/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લા તથા કેન્દ્ર શાસિત સંઘ પ્રદેશ દમણ અને સેલવાસ ખાતે કેમીકલ્સ, ગારમેન્ટ, પ્લાસ્ટીક, ફાર્માસ્યુટીકલ, પેપર, જંતુનાશક દવા વિગેરેનું ઉત્પાદન કરતા નાના-મોટા ઔધોગિક એકમ આવેલ છે તેની સાથે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય પણ વિકાસ પામેલ છે. જેના કારણે વલસાડ જિલ્લામાં પરપ્રાંતિય લોકો ખુબ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે. ભુતકાળમાં વલસાડ જિલ્લામાં જિલ્લા પોલીસ દ્રારા બનેલ મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાઓમાં રાજય બહારની ગેંગ અને ગુનેગારોની ધરપકડ કરી ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવેલ છે. આ તમામ પ્રકારના મિલ્કત સબંધી અને શરીર સબંધી ગુનાની તપાસ દરમ્યાન સ્થાનીક પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાંચ, સ્પેશ્યલ ઓપરેશન ગૃપ તથા અન્ય શાખા/સ્કવોડ દ્રારા વલસાડ જિલ્લામાં પોલીસ વિભાગ, રેલ્વે વિભાગ, જુદા-જુદા સરકારી વિભાગ, ખાનગી વ્યકિત કે સંસ્થા ધ્વારા લગાડવામાં આવેલ સી.સી.ટી.વી. કેમેરાના ફુટેજનો અભ્યાસ કરી ગુનામાં સંડોવાયેલ વ્યકિતના ફોટોગ્રાફસ અને ગુનામાં ઉપયોગમાં લીધેલ વાહનના પ્રકાર અને વાહનના નંબર, ગુનાની મોડસ ઓપરેન્ડી આધારે જુદી-જુદી ગેંગ કે ગુનેગારની ઓળખ કરી ગુનાઓ ડીટેકટ કરવામાં આવેલ છે. આમ સી.સી.ટી.વી. કેમેરા ગુનાની તપાસ તથા ગુના શોધવા ખુબ જ ઉપયોગી છે.

તદઉપરાંત સી.સી.ટી.વી. કેમેરા ટ્રાફીક નિયમન અને રોડ અકસ્માત સબંધી ગુનાઓ શોધવામાં ખુબ જ મદદરૂપ થાય છે તથા રહેણાંક વિસ્તાર, સોસાયટી, બિલ્ડીંગ, શાળા કોલેજ અને શૈક્ષણિક સંસ્થા વિગેરેમાં સીનીયર સીટીઝન, મહિલા, બાળકો અને વિધાર્થીઓ અને લોકોની સુરક્ષા માટે સી.સી.ટી.વી. ખુબ જ ઉપયોગી થઇ શકે તેમ છે તેમજ જુદી-જુદી બેન્ક, નાણાંકીય સંસ્થા, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, ફુડ ઝોન, કોમર્શિયલ બિલ્ડીંગ, શોપિંગ મોલ, શૈક્ષણિક સંસ્થાઓ, જવેલરી શોપ, શો-રૂમ, પાર્કિગ પ્લોટ, પાર્ટી પ્લોટ, લગ્ન હોલ, ખાનગી મનોરંજનના સ્થળ વિગેરે સી.સી.ટી.વી. કેમેરા દ્રારા લોકોના માલ મિલ્કત ઉપર દેખરેખ રાખી નુકશાન થતુ અટકાવી શકાય તેમજ ગુન્હા હિત પ્રવૃતિ ઉપર વોચ રાખી શકાય. આમ વલસાડ જિલ્લામાં લોકોના જાનમાલના રક્ષણ અને કાયદો વ્યવસ્થા સુદ્રઢ બને તેમજ ગુનાઓ બનતા અટકાવવા તથા ગુનાઓ શોધવા માટે સી.સી.ટી.વી. કેમેરા ખુબ જ ઉપયોગી છે. જેથી નીચે જણાવેલ જગ્યા ઉપર જરૂરીયાત મુજબ એન્ટ્રી, એકઝીટ, આવવા-જવાના રસ્તા, પાર્કિગ, મકાન/બિલ્ડીંગના આગળ-પાછળ અને બંને સાઈડ તરફ મુખ્ય રોડ રસ્તા કવર કરે તે રીતે સી.સી.ટી.વી. કેમેરા લગાડવા જાહેરનામુ બહાર પાડવા વિનંતી કરેલ છે.

આમ, જિલ્લામાં બનતા ઉપરોક્ત જણાવેલ મિલ્કત/શરીર સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસને મદદરૂપ થાય તે હેતુ માટે તેમજ જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ સી.સી.ટી.વી. કેમેરા લગાવવા જાહેરનામુ બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ પ્રિમાઈસીસ સ્થળે સી.સી.ટી.વી. કેમેરા (વિઝન તથા હાઈ ડેફીનેશન) વીથ રેકોર્ડીંગ સીસ્ટમ કાર્યરત કરવા માટે આથી હુકમ કરૂં છું.

૧. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ શાળા, કોલેજ અન્ય શૈક્ષણિક સંસ્થા તથા એજયુકેશન સાથે જોડાયેલી સંસ્થાઓ.

૨. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોટલ, રેસ્ટોરન્ટ, ફુડ ઝોન, પેટ્રોલપંપ, ગેસ ફીલીંગ સ્ટેશન.

૩. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ શોપિંગ મોલ, શોપિંગ કોમ્પલેક્ષ, કોમર્શિયલ બિલ્ડીંગ.

૪. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ બેન્કો, આંગડીયા પેઢી, ફાયનાન્સ ઓફીસ/પેઢી.

૫. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ટ્રાવેલ્સ એજન્સી, ટ્રાન્સપોર્ટ ઓફીસ, કુરીયર ઓફીસ.

૬. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ વાહનના શો-રૂમ, જવેલરી શોપ, મોબાઇલ શોપ, ઇલેકટ્રોનીકસ શો-રૂમ.

૭. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, વેર હાઉસ, મોટા કદના ગોડાઉન.

૮. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હોસ્પીટલ, લેબોરેટરીઝ, દવાખાના, મેડીકલ સ્ટોર.

૯. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ મોટા શાકભાજી માર્કેટ/માર્કેટીંગ યાર્ડ.

૧૦. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ હાઈરાઈઝ/લો-રાઈઝ બિલ્ડીંગ, ક્લબ હાઉસ.

૧૧. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ ઔધોગીક એકમો.

૧૨. સમગ્ર વલસાડ જિલ્લામાં આવેલ તમામ રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન વિગેરે જગ્યાએ આવેલ ખાનગી પે એન્ડ પાર્કિંગ સ્થળો.

૧૩. સમગ્ર વલસાડ જિલ્લામાં ધાર્મિક સ્થળ તથા ખાનગી મનોરંજન સ્થળ જેવા કે, સિનેમા, જીમ, વોટર પાર્ક, સ્વીમીંગ પુલ, ગેમ ઝોન, રમત-ગમતના સ્થળ.

આ હુકમ તા.૨૦/૦૧/૨૦૨૬ થી તા.૨૦/૦૩/૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ના મુજબ સજા/દંડ થઈ શકશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવત પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેથી ઉપરનાં હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ:૨૦/૦૧/૨૦૨૬ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

---------------------

**-:: જાહેરનામું ::-**

**-: ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે. :-**

નં.ડીસીબી/એમએજી-૧/શ્રમિક-કામ.પો.વેરી/રજી.૧૦૩/વશી. ૫૪૬ થી ૬૦૬/૨૦૨૬.–પોલીસ અધિક્ષકશ્રી વલસાડની તા.૨૯/ ૧૨/૨૦૨૫ની દરખાસ્ત મુજબ વલસાડ જિલ્લામાં કામ કરતા મકાન બાંધકામના બિલ્ડરો, ઔદ્યોગિક એકમોના લેબર કોન્ટ્રાક્ટરો મજુરી કામ અને રોડ તથા ટેલીફોન કંપનીઓમાં તેમજ ગેસ લાઈન અને લગ્ન મંડપનું કામ કરતા તથા અન્ય ઘણા બધા મોટા કન્સ્ટ્રકશન તથા વધારે મજુરો કામ કરતા હોય તેવી જગ્યાઓ, માર્કેટો, ધંધાના એકમો, દુકાનો, ઓફીસો, હોટલો, નગર નિગમો માટે મજુરી કામ કરતા પરપ્રાંતીય કોન્ટ્રાક્ટરોના કર્મચારી/કારીગરો/મજુરો અંગેની વિગતો/બાયોડેટા તેઓના માલિકો દવારા સચોટ અને પુરતી માહિતી પોલીસને સમયસર પુરી પાડવામાં આવતી નથી. આવા વર્કરો અન્ય રાજયો જિલ્લાઓમાં ગુનાહિત કૃત્ય કરીને અંત્રેના જિલ્લા ખાતે આવી વિવિધ જગ્યાએ કામ અર્થે આવી વસેલ હોય છે. જે અંગે તેઓનાં માલિકો/ઠેકેદારોને માહિતી હોતી નથી. તેમજ આવા વર્કરો અત્રેના જિલ્લા ખાતે બેરોકટોક વસવાટ કરી ગુનાહિત કૃત્ય કરી નાસી જાય ત્યારે તેઓના માલિક/ઠેકેદારો પાસે પુરતી માહિતી ન હોવાના કારણે પોલીસ તેઓ સુધી પહોંચી શકતી નથી અને આવી વ્યક્તિઓ નકસલી, આતંકવાદી વિગેરે જેવી રાષ્ટ્રદ્રોહી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હોય અથવા સંકળાવાની હોય તેવી સંભાવના નકારી શકાય નહી જેથી તમામ બિલ્ડરો/કોન્ટ્રાક્ટરો/ઔદ્યોગિક એકમો/હોટલો વિગેરે તમામે પોતાને ત્યાં મજુરીએ અથવા નોકરીએ રાખેલ તમામ કર્મચારી/મજુરોની તેઓના મુળ વતન તથા હાલના સરનામાં તથા આઈડી પ્રુફ/અગાઉનો ગુનાહિત ઈતિહાસ/હાલના ફોટોગ્રાફ સહિતની માહિતી નીચે મુજબના નિયત પ્રફોમામાં નજીકના પોલીસ સ્ટેશનમાં પુરી પાડવા તથા તેઓ દ્વારા નોકરીએ રાખવામાં આવનાર કર્મચારી ભારતીય નાગરીક છે કે કેમ? તેની ખાત્રી કરી નોકરીએ રાખવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. જે ધ્યાને લઈ અત્રેના જિલ્લામાં મજુરી/નોકરી અર્થે આવતા પરપ્રાંતીય કારીગરો/મજુરોના મુળ વતન તથા હાલના સરનામાં સહિતની તમામ માહિતી એકત્ર કરવા માટે જરૂરી આદેશ કરવો જરૂરી જાણાય છે.

વાસ્તે, હું ભવ્ય વર્મા, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે,

અત્રેના જિલ્લામાં તમામ મકાન બાંધકામના બિલ્ડરો, ઔદ્યોગિક એકમોના લેબર કોન્ટ્રાક્ટરો મજુરી કામ અને રોડ તથા ટેલીફોન કંપનીઓમાં તેમજ ગેસ લાઈન અને લગ્ન મંડપનું કામ કરતા તથા અન્ય ઘણા બધા મોટા કન્સ્ટ્રકશન તથા વધારે મજુર કામ કરતા હોય તેવી જગ્યાઓ, માર્કેટો, ધંધાના એકમો, દુકાનો, ઓફીસો, હોટલો, નગર નિગમો માટે મજુરી કામ કરતા પરપ્રાંતીય કોન્ટ્રાક્ટરોના કર્મચારી/કારીગરો/મજુરોની નીચે જણાવેલ "પત્રક-એ"ના કોલમનં.૧ થી ૧૪ મુજબની માહિતી સંબંધિત એકમોના માલિકોએ તૈયાર કરી સંબંધિત પોલીસ સ્ટેશનને આ જાહેરનામાની તારીખથી દિન-૧૫ માં આપવાની રહેશે. તેમજ નોંધણી થયેલ તમામ કર્મચારી/કારીગરો/મજુરોની ઉપરોક્ત માહિતી અંગેનું નોંધણી નંબર સહિતનું રજીસ્ટર નિભાવવાનું રહેશે અને જયારે પણ પોલીસ વિભાગ દ્વારા સદર બાબતેની માહિતી ચકાસણી કરવા સારૂ માંગવામાં આવે ત્યારે માહિતી પુરી પાડવાની રહેશે. તેમજ એકમોના માલિકોએ નોકરીએ રાખવામાં આવનાર તમામ કર્મચારી/કારીગરો/મજુરો ભારતીય નાગરીક છે કે કેમ? તેની ખાત્રી કરી નોકરીએ રાખવાના રહેશે.

**પત્રક-એ**

| અ.નં. | માલિકનું નામ, સરનામુ તથા ધંધાની વિગત ટેલીફોન નંબર/ મોબાઈલ નંબર | કર્મચારીઓ કારીગરો મજુરનુ પુરૂ નામ, ઓળખ, ઓળખચિન્હ, હાલનું સરનામુ, મોબાઈલ નંબર | કર્મચારી કારીગર મજુરના વતનનું સરનામુ મોબાઈલ નંબર | કર્મચારી કારીગર મજુરના વતનના પોલીસ સ્ટેશનનું નામ તથા સરનામુ | કર્મચારી કારીગર મજુર અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલિકનું નામ સરનામુ મોબાઈલ નંબર | કર્મચારીઓ કારીગરો મજુરને કોના રેફરન્સ / પરિચય થી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું નામ સરનામુ મોબાઈલ નંબર | કર્મચારી કારીગર મજુરના બે થી ત્રણ સગા સબંધીઓના પુરા નામ સરનામા મોબાઈલ નંબર વતન સહીતના |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |

| કર્મચારી કારીગર મજુરનો ફોટોગ્રાફસ | ભારતીય નાગરીકતા ચકાસણી દસ્તાવેજ | આધારકાર્ડની માહીતી તથા નકલ | પાનકાર્ડની માહીતી તથા નકલ | ચૂંટણી કાર્ડની માહીતી તથા નકલ | ગુનાહીત ઈતિહાસની માહીતી |
|---|---|---|---|---|---|
| ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |

આ બાબતે સમગ્ર વલસાડ જિલ્લામાં કોઈ શંકાસ્પદ વ્યક્તિ જણાઈ આવે તો તાત્કાલિક સ્થાનિક પોલીસ સ્ટેશને જાણ કરવાની રહેશે.

**-: અમલવારીનો સમયગાળો :-**

આ હુકમ તા.૨૦/૦૧/૨૦૨૬ થી તા.૨૦/૦૩/૨૦૨૬ (બંન્ને દિવસો સહીત) સુધી અમલમાં રહેશે.

**-:મુક્તિ:-**

વલસાડ જિલ્લામાં આવેલ સરકારી કચેરી/અર્ધસરકારી કચેરી/બોર્ડ/નિગમ/સરકારી સંસ્થા તથા સરકારી ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના અધિકારી/ કર્મચારીઓને આ જાહેરનામાં માંથી મુક્તિ આપવામાં આવે છે.

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેથી ઉપરનાં હોદો ધરાવતા તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૨૦/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી હુકમ બહાર પાડયો.

**ભવ્ય વર્મા**
જિલ્લા મેજીસ્ટ્રેટ, વલસાડ.

---------------------

**અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા**

**આમુખ:-**

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, ઉ.જ.કા.ન.સ. વિભાગ, અંક્લેશ્વરનાં પત્ર ક્રમાંક: ઉ.જ.કા.ન.સં.વિ/પીબી/ સ્ટ્રક્ચર/ ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ/જાહેરનામું પ્રસિધ્ધ/ અંક્લેશ્વર/વશી/ ૨૩૯૭, તા.૧૨/૧૨/૨૦૨૫ ની અરજી.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચનાં પત્ર ક્રમાંક: એલઆઈબી/અભિપ્રાય/૪૭૩૮/૨૦૨૫, તા.૨૬/૧૨/૨૦૨૫

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂ એ**

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૫૦૪/૨૦૨૬.- આમુખ-૧ થી હાંસોટ નહેરની સાંકળ ૪૫૭૫ મી. પર આવેલ એમ.ડી.આર.બી. સ્ટ્રક્ચર (અંબોલી અડોલ ગામને જોડતો રોડ) હાલમાં જર્જરીત હાલતમાં હોય સદર સ્ટ્રક્ચરની નવીનીકરણની કામગીરી કરવાની થતી હોય સદર સ્ટ્રક્ચર ઉપર ભારે વાહનોની અવર-જવર ઉપર તા.૨૫/૧૨/૨૦૨૫ થી તા.૩૦/૦૧/૨૦૨૬ સુધી પ્રતિબંધ મુકવા અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અંગે કાર્યપાલક ઈજનેરશ્રી, ઉ.જ.કા.ન.સ. વિભાગ, અંક્લેશ્વરે અત્રે રજૂઆત કરેલ છે. જે અન્વયે આમુખ-૨ થી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચે નીચે જણાવ્યા

પ્રમાણે રૂટ ડાયવર્ઝનની વિગતો સહિત જાહેરનામું પ્રસિધ્ધ કરવા અંગે અત્રે હકારાત્મક અભિપ્રાય રજૂ કરેલ છે.

**પ્રતિબંધિત વાહન વ્યવહાર માર્ગ:-**

**રસ્તાનું નામ:-** હાંસોટ નહેર શાખા સાંકળ ૪૫૭૫ મી. (MDRB) અંબોલી - અડોલ ગામને જોડતો રોડ.

**વૈકલ્પિક માર્ગ:-**

**રૂટ ડાયવર્ઝનની વિગત:-**

- અંબોલી ગામથી અડોલ તરફ આવતા વાહનો, અંબોલી, અંક્લેશ્વર, સજોદ ગામ, હરિપુરા, હજાત ગામ થઇ અડોલ સુધી આવી શકશે.
- અડોલ ગામથી હજાત ગામ થઇ, હરિપુરા, સજોદ ગામ, અંક્લેશ્વર સીટી વિસ્તાર તેમજ અંબોલી ગામ સુધી આવી શકશે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

વાસ્તે, હું પાર્થ જયસ્વાલ, ઇ.ચા.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ,૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે મળેલ સત્તાની રૂ એ હાંસોટ નહેરની સાંકળ ૪૫૭૫ મી. પર આવેલ એમ.ડી.આર.બી. સ્ટ્રક્ચર (અંબોલી - અડોલ ગામને જોડતો રોડ) હાલમાં જર્જરીત હાલતમાં હોય સદર સ્ટ્રક્ચરની નવીનીકરણની કામગીરી કરવાની થતી હોય સદર સ્ટ્રક્ચર ઉપર ભારે વાહનોની અવર-જવર ઉપર હુકમની તારીખથી તા.૩૦/૦૧/૨૦૨૬ સુધી પ્રતિબંધ મુકવા તથા ઉપરોક્ત જણાવ્યા પ્રમાણેનાં રૂટ ઉપર વાહન વ્યવહાર ડાયવર્ટ કરવા આથી હુકમ ફરમાવુ છું.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

તા.૦૫/૦૧/૨૦૨૬ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

-------------

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ (બી) અને કલમ-૧૧૩ અન્વયે**

file No. BHR/MAG/e-file/442/2025/10261 Extra.-અત્રેનાં ભરૂચ જિલ્લામાં આવેલ જાહેર માર્ગો તથા ગલીઓ તેમજ શેરીઓમાં રોડ ઉપર સ્ટમ્પ ગોઠવી કેટલાક લોકો છોકરાઓ બોલબેટથી ક્રિકેટ રમતા તથા જાહેર રસ્તા ઉપર પતંગ ચગાવતા હોય છે. આગામી તા.૧૪/૦૧/૨૦૨૬ નાં રોજ મકરસંક્રાંતિનો તહેવાર આવતો હોય, જેથી જાહેર રસ્તાઓ તેમજ શેરીઓમાં છોકરાઓ ઉભા રહી ક્રિકેટ રમતા હોય કે પતંગ ચગાવતા હોય તેના કારણે વાહન વ્યવહાર તથા અવર-જવર કરતાં લોકોને અવરોધ ઉભો થઈ અકસ્માત થવાનો સંભવ રહે છે. તે ઉપરાંત બેટથી બોલ ઉછળીને જતો હોય, લોકોને વાગવાની તથા જાહેર માલ મિલકતને લાગવાથી નુકશાન થવાનો સંભવ રહે છે. જેથી જાહેર સલામતી ખાતર રસ્તામાં તેમજ શેરીઓમાં ક્રિકેટની રમત રમવા તથા પતંગ ઉડાવવા, લૂંટવા ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

ઉક્ત વિગતો ધ્યાને લઇ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

આથી, હું પાર્થ જયસ્વાલ, ઇ.ચા.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-33 ની પેટા કલમ-૧ (બી) અને કલમ-૧૧૩ થી મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છું કે, ભરૂચ જિલ્લાની હદમાં કોઈપણ વ્યકિતએ જાહેર રસ્તા અથવા જાહેર સ્થળો પર તથા શેરીઓમાં બોલબેટથી ક્રિકેટની રમત રમવા તેમજ પતંગ ઉડાવવા કે લૂંટવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉપરોકત જાહેરનામાનો અમલ હુકમ થયાની તારીખથી તા.૨૦/૦૧/૨૦૨૬ બંને દિવસ સહિત કરવાનો રહેશે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ ૨૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો છે.

----------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે**

ક્રમાંક:એમએજી/વશી/૬૨૨૯/૨૦૨૫.-આગામી તા.૧૪/૦૧/૨૦૨૬ નાં રોજ મકરસંક્રાંતિનો તહેવાર આવતો હોઈ, કેટલાક ઈસમો વગર લાયસન્સ/ પરવાનગીએ સલામતીના સાધનો વગર જાહેર માર્ગો ઉપર ઘાતક એવા હાઈડ્રોજન એક્સપ્લોઝીવ ગેસ સીલીન્ડરથી ગેસબલુનનો વેપાર કરતા હોવાનું ધ્યાને આવેલ છે. હાઈડ્રોજન ગેસથી આગ-અકસ્માતનાં બનાવો બનવાની સંભાવના રહેલ છે તેમજ પર્યાવરણને નુકશાન થાય છે અને ગેસબલુનનાં દોરામાં પક્ષી ફસાવાના બનાવો બને છે.

જેથી જાહેર સલામતી ખાતર હાઈડ્રોજન એક્સપ્લોઝીવ ગેસ સીલીન્ડરથી ગેસબલુનનાં વેપાર ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે. જે ધ્યાને લઇ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

આથી હું પાર્થ જયસ્વાલ, ઇ.ચા.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂ એ આથી જાહેર હિતમાં હુકમ કરી ભરૂચ જિલ્લાનાં સમગ્ર મહેસુલી વિસ્તારમાં ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને હુકમ થયાની તારીખથી તા.૨૦/૦૧/૨૦૨૬ સુધી હાઈડ્રોજન એક્સપ્લોઝીવ ગેસ સીલીન્ડરથી ગેસબલુનનાં વેપાર ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

હું આથી આદેશ આપું છું કે, ઉપરોકત જાહેર કરેલ વિસ્તારમાં લોકો જાણી શકે તે માટે આ જાહેરનામાની જરૂરી પ્રેસનોટ ઈસ્યુ કરવા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, દૂરદર્શન, આકાશવાણી તેમજ ઈલેકટ્રીક મીડીયામાં પ્રસિધ્ધિ તેમજ જાહેરાત કરાવવી.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ ૨૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

-----------

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે**

ક્રમાંક:એમએજી/વશી/૬૨૩૦/૨૦૨૫.-ગુજરાત રાજય નામ.હાઈકોર્ટ, નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલનાં સમયાંતરે મળેલ નિર્દેશો અનુસાર મકરસંક્રાંતિનાં તહેવાર દરમ્યાન "સ્કાય લેન્ટર્ન" (ચાઈનીઝ તુકકલ) તેમજ સિન્થેટીક મટીરીયલ, ટોકસીક મટીરીયલ(ઝેરી તત્વો) અથવા નાયલોન, પ્લાસ્ટિક જેવા સીન્થેટીક કે ચાઈનીઝ મટીરીયલથી તૈયાર કરેલ પાકા દોરાથી ઉડાડવામાં આવતા પતંગોને કારણે માનવ, પશુ, પક્ષી તેમજ પર્યાવરણને નુકશાન થતું હોય છે અને માનવ, પશુ, પક્ષીઓ ઘાયલ થતા હોય અને તેઓનું મૃત્યુ પણ થતું હોય તથા આગજનીનાં બનાવો બનતા હોય આવી ઘટનાઓ ન બને તેની તકેદારી રાખવી જરૂરી જણાય છે.

ઉક્ત વિગતો ધ્યાને લઇ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

સબબ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મળેલ સત્તાની રૂ એ હું પાર્થ જયસ્વાલ, ઇ.ચા.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ભરૂચ આથી જાહેર હિતમાં હુકમ કરું છું કે, "સ્કાય લેન્ટર્ન" (ચાઈનીઝ તુકકલ) તેમજ પ્લાસ્ટિક કે સિન્થેટીક મટીરીયલ કે તેવા ચાઈનીઝ પ્રકારનાં મટીરીયલથી બનેલ તથા નાયલોન દોરા અથવા ટોકસીક મટીરીયલ (ઝેરી તત્વો)ના દોરાનો પતંગ ચગાવવા, ઉપયોગ કરવા કે તે હેતુથી વેચાણ, સંગ્રહ તથા વ્યાપાર કરવા માટે ભરૂચ જિલ્લાનાં સમગ્ર મહેસુલી વિસ્તારમાં ઉત્તરાયણના તહેવારને અનુલક્ષીને હુકમની તારીખથી તા.૨૦/૦૧/૨૦૨૬ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

વધુમાં આ દિવસોમાં સવારનાં ૦૬:૦૦ કલાકથી ૦૮:૦૦ કલાક તથા સાંજના ૦૫:૦૦ કલાક થી ૦૭:૦૦ કલાક દરમ્યાન પક્ષાઓનો સક્રિયતાનાં સમયમાં પક્ષીઓને ઈજા થતી નિવારવા આ સમયમાં પતંગ નહી ઉડાવવા અપીલ કરવામાં આવે છે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ કસુરવાર થશે તેમજ આ હુકમનાં ભંગ બદલ ફરીયાદ માંડવા પોલીસ હેડ કોન્સ્ટેબલથી ઉતરતી કક્ષાનાં ન હોય તેવા પોલીસ ખાતાનાં કર્મચારીશ્રી/અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

આજ (તા.ઈ-સાઇન મુજબ) મારી ઈ-સાઈન તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

------------

આમુખ:-

(૧) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૩૨૬૫, તા.૨૫/૦૬/૨૦૨૫

(૨) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૩૫૫૧, તા.૧૪/૦૭/૨૦૨૫

(3) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૩૭૧૦, તા.૨૯/૦૭/૨૦૨૫

(૪) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૩૯૨૯, તા.૦૮/૦૮/૨૦૨૫

(૫) અત્રેનાં જાહેરનામાં ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૪૨૨૨, તા.૦૧/૦૯/૨૦૨૫

(૬) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૪૩૪૯, તા.૦૯/૦૯/૨૦૨૫

(૭) અત્રેનાં જાહેરનામાં ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૪૬૭૭, તા.૩૦/૦૯/૨૦૨૫

(૮) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૫૧૫૦, તા.૩૦/૧૦/૨૦૨૫

(૯) અત્રેનાં જાહેરનામા ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/૫૯૦૯, તા.૦૨/૧૨/૨૦૨૫

(૧૦) પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચની કચેરીનાં પત્ર નંબર: એલ.આઈ.બી./અભિપ્રાય/૪૩૯૩/૨૦૨૫, તા.૩૧/૧૨/૨૦૨૫

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) અન્વયે**

ક્રમાંક:એમએજી/જાહેરનામું/વશી/૬૫૧૫/૨૦૨૬.-આમુખ-૧ થી અત્રેથી ભરૂચ-દહેજ રોડ ઉપર નર્મદા ચોકડીથી દહેગામ બાયપાસ સુધી તથા દહેગામ બાયપાસથી નર્મદા ચોકડી સુધી ભારે વાહનો (હેવી વ્હીકલ), ગુડ્ઝ કેરેજ વાહનો માટે રસ્તો બંધ કરવા તથા સુંદર સમય દરમ્યાન ભારે વાહનોને રૂટ ડાયવર્ટ કરવા બાબતે તા.૨૫/૦૬/૨૦૨૫ થી તા.૧૩/૦૭/૨૦૨૫ સુધી અત્રેથી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતું. જે જાહેરનામાની મુદત પુર્ણ થતાં આમુખ-૨ થી તા.૨૭/૦૭/૨૦૨૫ સુધી, આમુખ-૩ થી તા.૧૦/૦૮/૨૦૨૫, આમુખ-૪ થી તા.૩૧/૦૮/૨૦૨૫, આમુખ-૫ થી તા.૦૬/૦૯/૨૦૨૫, આમુખ-૬ થી તા.૩૦/૦૯/૨૦૨૫, આમુખ-૭ થી તા.૩૧/૧૦/૨૦૨૫, આમુખ-૮ થી તા.૩૦/૧૧/૨૦૨૫ તથા આમુખ-૯ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી સદરહું જાહેરનામાની મુદતમાં વધારો કરેલ હતો. જે જાહેરનામાની મુદત પૂર્ણ થતાં આમુખ-૧૦ થી પોલીસ અધિક્ષકશ્રી, ભરૂચ દ્વારા સદરડું જાહેરનામાની મુદતમાં તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી વધારો કરવા બાબતે અત્રે દરખાસ્ત રજૂ થયેલ છે.

આથી, ઉક્ત વિગતે ટ્રાફીકની સમસ્યાને ધ્યાને લઇ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

સબબ, ઉપરોક્ત વિગતે આમુખ-૧, આમુખ-૨, આમુખ-૩,આમુખ-૪,આમુખ-૫, આમુખ-૬, આમુખ-૭, આમુખ-૮ તથા આમુખ-૯ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરનામાની મુદતમાં હુકમની તારીખથી તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી વધારો કરવા અંગે આથી હુકમ કરવામાં આવે છે.

વધુમાં, અગાઉના આમુખ-૧ નાં જાહેરનામાની અન્ય વિગતો/શરતો યથાવત રહેશે.

આજ૨૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી ઈ-સાઈન તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**પાર્થ જયસ્વાલ,**
ઈ.ચા.અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભરૂચ

------------

## જાહેરનામું

**::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::**

ક્રમાંક:ફજદ/CET-પરીક્ષા/જાહેરનામું/વશી-૨૬૧ થી ૨૯૦/૨૦૨૬.-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, આહવા-ડાંગના પત્ર ક્રમાંક: ક્રમાંક:બોર્ડ/ CET- પરીક્ષા. જાહેરનામું/૩૬૯/૨૦૨૬, તા.૨૯/૦૧/૨૦૨૬થી રજુ થયેલ દરખાસ્તની વિગતે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કોમન એન્ટ્રન્સટેસ્ટ (CET) પરીક્ષા તા.૩૧/૦૧/૨૦૨૬ શનિવારના રોજ ૦૧:૦૦ થી ૦૩:૦૦ કલાક દરમ્યાન ડાંગ જિલ્લા ખાતે આયોજન કરવામાં આવેલ છે. સરકારીશ્રી દ્વારા જાહેર પરીક્ષા સંદર્ભે તકેદારી ભાગરૂપે પ્રવેશ પરીક્ષા તેમજ શિષ્યવૃત્તિ પરીક્ષા બાદ મેરીટમાં આવતા મળતા લાભની સંદર્ભે ડાંગ જિલ્લા ખાતે લેવામાં આવનાર પરીક્ષા પારદર્શક અને સુચારુ રીતે લેવાય તે માટે આ વ્યવસ્થાના ભાગરૂપે પરીક્ષા કેન્દ્રો પર ઉમેદવારો પરીક્ષા નિર્ભય પણે અને મુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે અને નીચે મુજબના મુદ્દાઓનો અમલવારી થાય તે હેતુસર જરૂરી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. સદરહું પરીક્ષા તા.૩૧/૦૧/૨૦૨૬ ના રોજ નીચે દર્શાવેલ સમય તથા પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે.

કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) ની પરીક્ષા

તા.૩૧/૦૧/૨૦૨૬ પરીક્ષા સમય: ૦૧-૦૦ થી ૦૩-૦૦

| અ.નં. | પરીક્ષા સ્થળનું નામ |
|---|---|
| ૧ | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, આહવા યુ-૧ |
| ૨ | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, આહવા યુ-૨ |
| ૩ | દિપદર્શન માધ્યમિક માધ્યમિક શાળા, આહવા |
| ૪ | એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કુલ, આહવા- યુ-૧ |
| ૫ | એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કુલ, માલેગામ |
| ૬ | ઋતંભરા કન્યા વિદ્યાલય મંદિર હાઈસ્કુલ, સાપુતારા |
| ૭ | એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કુલ, ચિંચલી |
| ૮ | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, પીંપરી યુ-૧ |
| ૯ | એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કુલ, આહવા- યુ-૨ |
| ૧૦ | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, સુબીર |
| ૧૧ | નવજ્યોત હાઈસ્કુલ, સુબીર તા.સુબીર જિ.ડાંગ |
| ૧૨ | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, પિપલદહાડ |
| ૧૩ | એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કુલ, ગારખડી |
| ૧૪ | ઉતર બુનિયાદી આશ્રમશાળા શિંગાણા |
| ૧૫ | એકલવ્ય મોડલ રેસિડેન્સિયલ સ્કુલ, મહાલ |
| ૧૬ | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, પીંપરી યુ-૨ |
| ૧૭ | તાલુકા પ્રાથમિક શાળા વઘઇ |
| ૧૮ | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, રંભાસ |
| ૧૯ | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, સાકરપાતળ |
| ૨૦ | સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, ચિકાર |
| ૨૧ | સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, કાલીબેલ |

આમ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, આહવા-ડાંગ ધ્વારા વિદ્યાર્થીઓ આ પરીક્ષા નિર્ભયપણે અને મુક્ત વાતાવરણમાં આપી શકે તે માટે કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર જાહેરનામું પાડવા વિનંતી કરેલ છે.

જેથી ઉપરોક્ત પરીક્ષા કેન્દ્રો ઉપર ચારે તરફ ૧૦૦ મીટરનાં વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ પરીક્ષાર્થીઓ નિર્ભયપણે પરીક્ષા આપી શકે તે માટે તથા પરીક્ષા કેન્દ્રોની આસપાસ આવેલ તમામ ઝેરોક્ષ સેન્ટરો પરીક્ષા સમય દરમિયાન સમય: ૦૯.૦૦ થી

૧૬.૦૦ સુધી બંધ રાખવા જરુરી અને ઇષ્ટ જણાતું હોવાથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ મુજબ પગલાં લેવા પુરતું કારણ હોવાનો અભિપ્રાય છે.

વાસ્તે હું,એસ.ડી.તબિયાર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પરીક્ષા કેન્દ્રો પર નિયત પરીક્ષા કાર્યક્રમ દરમિયાન પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટર ત્રિજ્યામાં નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**::પ્રતિબંધિત કૃત્યો::**

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમામ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષા દરમ્યાન લાઉડસ્પીકર વગાડવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈ પણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઇ પણ કર્મચારીઓ કે ફરજ ઉપરના સ્ટાફ કે અધિકૃત વ્યક્તિ સિવાય કોઇએ અનઅધિકૃત પ્રવેશ કરવો નહિ.

**::અપવાદ::**

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) વધુમાં ઉપર જણાવેલ પ્રતિબંધો આવશ્યક સેવા તથા પરીક્ષામાં ફરજની કામગીરીમાં રોકાયેલા હશે તેમને તેમજ પ્રતિબંધિત વિસ્તારમાંથી સ્મશાન યાત્રામાં જતા ઇસમોને લાગુ પડશે નહી.

(૨) સરકારી નોકરીમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ/ઉલ્લઘન કરનાર વ્યક્તિને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અવ્યે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**::અમલવારીનો સમય::**

અમલમાં રહેશે. આ જાહેરનામું તા.૩૧/૦૧/૨૦૨૬ ના રોજ સમય ૦૯-૦૦ ક્લાક થી ૧૬-૦૦ કલાક સુધી

આજ તારીખ:- ૩૦/૦૧/૨૦૨૬ નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

------------

**જાહેરનામું**

**::ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૩૭(૧) અન્વયેનું ::**

ક્રમાંક:ફજદ/હથિયારબંઘી/વશી-૫૩ થી ૮૪/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાની કચેરીના પત્ર નં.LIB/હથિ.હેરાફેરી.પ્ર.જાહે. /૧૯૭૯/૨૦૨૫, તા.૦૧/૦૯/૨૦૨૫ની વિગતે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે હથિયારોની હેરાફેરી ઉપર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વ્યાજબી જણાય છે.

વાસ્તે હું, એસ.ડી.તબિયાર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧)થી મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદૂક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઇ જવું નહી.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેકવા અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઇ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવા નહી

(છ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરુચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવા નહીં.

**આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.**

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજી કોઈ વ્યક્તિઓને લાગુ પડશે નહી.

**::અમલવારીનો સમય::**

આ હુકમ તા.૧૬/૦૧/૨૦૨૬ના ક.૦૦/૦૦ થી તા.૩૦/૦૧/૨૦૨૬ ક.૨૪.૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

**::વિસ્તાર::**

સમગ્ર ડાંગ જિલ્લો

**:: શિક્ષા ::**

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૧૬/૦૧/૨૦૨૬નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

--------------

**જાહેરનામું**

**::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું ::**

ક્રમાંક:ફજદ/જા.ના./ARTO/બિનઅધિ.વ્ય./વશી-૮૫ થી ૧૧૫/૨૦૨૬.–સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, ડાંગ આહવાના પત્ર નં.ARTODNGAHW/0017/08/2025, તા.૦૧/૦૯/૨૦૨૫ના પત્રની વિગતે સરકારશ્રી દ્વારા તા.૦૧/૦૭/૧૯૮૯ થી એજન્ટ પ્રથા નાબુદ કરવામાં આવેલ છે. બિનઅધિકૃત વ્યક્તિઓ દ્વારા મોટરીંગ પબ્લિક સાથે છેતરામણી કરીને ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી ઉલટી સીધી લોભામણી વાતો કરી વચેટીયા તરીકે કામ કરી આપવાનું જણાવી બિનઅધિકૃત વ્યક્તિઓ ઇસમો રૂપિયા લઇ ભાગી જતાં કે વધારાના રૂપિયા પડાવતાં હોવાનું

તથા આવા બિનઅધિકૃત ઇસમો કચેરીના કમ્પાઉન્ડમાં પોતાના નામના સરકારમાન્ય આર.ટી.ઓ એજન્ટના વીઝીટીંગ કાર્ડ છપાવી તેમના પ્રાઇવેટ વાહન (જેવા કે ઓટો રીક્ષા, મારૂતી) પર બેનર લગાવી મોટરીંગ પબ્લિકને ભોળવી છેતરપિંડી કરતા હોય છે અને આવા તત્વો દ્વારા કચેરીની કામગીરીમાં રૂકાવટ કરાવી કચેરીના રેકોર્ડ સાથે ચેડા કરવા, ઘાક ધમકી આપવી, મારા મારી કરવી જેવી પ્રવૃત્તિઓથી ભયનું વાતાવરણ ફેલાવતા હોય છે પરિણામે કચેરીમાં કામ કરતા કર્મચારીઓ/અધિકારીઓમાં અસુરક્ષિતતા લાગણી જોવા મળે છે. જેની પ્રતિકૂળ અસર સરકારી કામકાજ પર પડે છે. જેથી મોટરીંગ પબ્લિકનું કામ સરળ અને નિયમોનુસાર ઝડપી થાય અને મોટરીંગ પબ્લિક લે ભાગુ તત્વોથી છેતરાય નહી અને બિનઅધિકૃત વ્યક્તિઓને કચેરીમાં અડચણરૂપ ન બને તો કર્મચારીઓ/ અધિકારીઓ સ્વસ્થ ચિતે, ભયની લાગણી વગર ધારધોરણ મુજબની કામગીરી તટસ્થતા પૂર્વક નિભાવી શકે અને સારા વાતાવરણમાં કાર્ય કરી શકે તેમજ કોઈપણ સ્વરૂપથી બિનઅધિકૃત વ્યક્તિઓ અસ્તિત્વમાં ન રહે તેમજ બિન અધિકૃત વ્યક્તિઓ કચેરીમાં કે કચેરીના કમ્પાઉન્ડમાં ના આવે તેના માટે જાહેરનામું કરવા દરખાસ્ત કરેલ છે.

આથી હું, એસ.ડી.તબિયાર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, ડાંગ જિલ્લામાં આવેલ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, આહવા-ડાંગ અને કચેરીના કમ્પાઉન્ડ, મુ.પૂણી કેન્દ્ર વઘઈ, જિ.ડાંગમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઇસમો કે ઇસમોની ટોળી અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવત્તિ કરી રહેલ તેવા બિન અધિકૃત વ્યક્તિઓ/ઇસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**::અમલવારીનો સમય::**

આ હુકમ તા.૧૭/૦૧/૨૦૨૬ના ક.૦૦/૦૦ થી તા.૧૭/૦૩/૨૦૨૬ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

**:: શિક્ષા ::**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૭/૦૧/૨૦૨૬નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

-------------

**જાહેરનામું**

**::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::**

ક્રમાંક:ફજદ/શ્રમિક-કામ./પો.વેરી/વશી-૧૧૬ થી ૧૪૬/૨૦૨૬.-પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર ક્રમાંક:નં.LIB/શ્રમિક-કામ. પો.વેરી./૬૬/૨૦૨૬, તા.૦૬/૦૧/૨૦૨૬ના પત્રથી જીલ્લામાં આવેલ અલગ અલગ એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે છે. રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોના કોઇ પૂર્વ ઇતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી ન હોવાના કારણે અસામાજીક તત્વો, ગુનાહિત ઇતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહિ ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે આપણા દેશ અને રાજયની આંતરીક સુરક્ષા માટે યોગ્ય અને ઇચ્છનીય નથી.

જીલ્લામાં કોઇપણ સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોના જરૂરી ડોક્યુમેન્ટો મેળવી જે તે સંસ્થા/એકમોએ શ્રમિકો/કામદારોના પૂર્વ ઇતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટે સબંધિત પોલીસ સ્ટેશનોમાં વિગત આપી તેઓના પૂર્વ ઇતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા જરૂરી છે. જેથી જિલ્લામાં કોઇપણ સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોના પૂર્વ ઇતિહાસ, નાગરિકતા અને ઓળખ અંગે જરૂરી કાર્યવાહી કરવા ફરજ પાડતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું, એસ.ડી.તબિયાર (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, ડાંગ જિલ્લામાં આવેલ અલગ અલગ એકમો, ખાનગી એકમો, કોન્ટ્રાકટરો, ઇંટનાં ભઠ્ઠા તથા તમામ પ્રકારનાં ધંધા રોજગાર ધરાવતા એકમો તરફથી અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/ કામદારોની સાચી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા તમામ જરૂરી ડોક્યુમેન્ટો તથા તેમના વતનમાં નજીકનાં સગા-સબંધીના નામ સરનામાં અને સંપર્ક નંબરની સાચી વિગત જે તે સંસ્થા/એકમો/માલિકો દ્વારા નજીકનાં સબંધિત પોલીસ સ્ટેશનોમાં ફરજિયાત જમા કરાવવાના રહેશે.

**::અમલવારીનો સમય::**

આ હુકમ તા.૧૭/૦૧/૨૦૨૬ના ક.૦૦/૦૦ થી તા. ૧૭/૦૩/૨૦૨૬ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

**::વિસ્તાર::**

સમગ્ર ડાંગ જિલ્લો

**:: શિક્ષા ::**

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૭/૦૧/૨૦૨૬ નાં રોજ મારી સહી કરી સિકકો કરી આપેલ છે.

------------

**જાહેરનામું**

**::ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું::**

ક્રમાંક:ફજદ/જાહેરનામું/વશી-૧૪૭ થી ૧૭૮/૨૦૨૬ પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ-આહવાના પત્ર નં.LIB/ડ્રોન-ભા.અ.કુટા. પ્રતિ. જાહે./૬૫/૨૦૨૬, તા.૦૬/૦૧/૨૦૨૬ મુજબ હાલની પરિસ્થિતિને ધ્યાને લઇ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ડ્રોન ઉડાડવા તથા મોટા અવાજવાળા ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે હું, એસ.ડી.તબિયાર(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ-આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં ડ્રોન ઉડાડવા તથા મોટા અવાજવાળા ફટાકડા ફોડવા પર પ્રતિબંધ ફરમાવું છું.

**:: પ્રતિબંધિત સમય ::**

આ હુકમ તા. ૧૭/૦૧/૨૦૨૬ના ક.૦૦/૦૦ થી તા. ૧૭/૦૩/૨૦૨૬ ક.૨૪.૦૦ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

**:: વિસ્તાર::**

સમગ્ર ડાંગ જિલ્લો

**:: શિક્ષા ::**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રી થી હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે. ઉપરોકત મુજબનુ કૃત્ય કરનારા ઈસમો સામે ઉપર મુજબનો કોઈ પણ સામાન પોલીસ તપાસ અર્થે કબજે લઈ શકશે.

આજ તા. ૧૭/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા સિકકા હેઠળ હુકમ કર્યો.

**એસ. ડી. તબિયાર,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

-------------

**-:: જાહેરનામું ::-**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું. :-**

નં.એમએજી/જીપીએ/જાહેરનામું/વશી/૧૨૩/૨૦૨૬.–મહીસાગર જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા,રેલી,સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/ તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારમાં કોઇ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા કે સરઘસ/રેલી કાઢવા ઉપર મનાઇ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું સી.વી.લટા (જી.એ.એસ.),અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯,તા.૨૯/૭/૨૦૧૯થી મળેલ સત્તાની રૂએ નીચે અનુસૂચિ માં દર્શાવેલ વિસ્તારમાં આ જાહેરનામાં અન્વયે તા.૦૧/૦૨/૨૦૨૬ ના કલાક ૦૦:૦૦ કલાકથી તા.૧૫/૦૨/૨૦૨૬ ના કલાક ૨૪:૦૦ કલાક (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે અનધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યક્તિએ /વ્યક્તિઓને એકી સાથે કોઈ પણ જગ્યાએ ૪(ચાર) થી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર માટે મનાઇ ફરમાવું છું.

**-:: અનુસૂચિ ::-**

"જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા,બાલાસિનોર, વિરપુર,સંતરામપુર,કડાણા તથા ખાનપુર(બાકોર), તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયાનો વિસ્તાર"

**આ જાહેરનામું નીચેની વ્યક્તિઓ/બાબતોને લાગુ પડશે નહી.**

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યક્તિઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યક્તિઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમઅધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

(૫) સરકારશ્રી ધ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે અને ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલના દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરુધ્ધ લેખિત ફરીયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મહીસાગર લુણાવાડા તા.૧લી ફેબ્રુઆરી, ૨૦૨૬

---------------------

**વંચાણે લીધા :-**

(૧) પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ , ૧૯૮૬

(૨) ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ, ૨૦૦૦.

(૩) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧

**-: જાહેરનામું :-**

**-:: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(થ) હેઠળનું. ::-**

નં.એમએજી/ડીજે/પ્રતિબંધ/જાહેરનામું/વશી.૧૦૩/૨૦૨૬.–ધાર્મિક તથા સામાજિક સમારોહો માટે સરઘસો અને રેલીઓ ભુતકાળમાં જ્યારે નિકળતી હતી ત્યારે સદરહુ રેલીઓ અને વરઘોડાઓ પ્રસંગને અનુરૂપ જે ગરીમા હોવી જોઈએ તે રીતે પ્રસંગ પ્રમાણે વાજીંત્ર અને લયબદ્ધ સંગીતની કર્ણપ્રિય ધુનો વાતાવરણને ભાવ અને લયના મૃદુ તરંગોથી તરબોળ કરી દેતી હતી. પરંતુ હવે જ્યારે જિલ્લાની જીવનશૈલી અને જીવનની ગુણવત્તાનું સ્તર ધ્વનિ, વાયુ અને ગીચતાના પ્રદુષણથી સંપુર્ણપણે ત્રસ્ત થયું છે, તે સંજોગોમાં ધાર્મિક અને સામાજિક પ્રસંગોની રૂઢિગત પ્રણાલીકા વિરૂદ્ધ આવા વરઘોડાઓમાં અમુક વર્ષોથી ધ્વનિની તિવ્રતાનો આંક વટાવી દઈ તમામ માપદંડોને તોડી નાખ્યા છે.આથી ઉપરોક્ત ધ્વનિ પ્રદુપણને અંકુશમાં લાવવા સારું અને જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તાની જાળવણી માટે નામદાર સુપ્રિમ કોર્ટના નિર્દેશો તથા પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ- ૧૯૮૬ના વિભિન્ન પ્રાવધાનોની જાળવણી અને અમલવારી જાહેર જનતાના જીવનધોરણની ગુણવત્તા માટે જરૂરી બની રહે છે. સદર સરઘસો રેલીઓ અને વરઘોડા માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડનારાઓ લાંબા સમય સુધી જાહેર માર્ગો પર ઉભા રહી ટ્રાફિકને અડચણ કરી ટ્રાફિક જામ કરે છે અને વધુ ધ્વનિ તિવ્રતાથી મોટા કર્ણભેદી અવાજે ઘોંઘાટમય સંગીત ગીતો સાથે રેલાવી વિદ્યાર્થીઓના અભ્યાસમાં દર્દીઓના આરામમાં સિનિયર સીટીઝન અને લોકોના સ્વાસ્થ્યને નુકશાન કરી/કરાવી તબીબોના કામમાં ખલેલ પહોંચાડે છે.તેમજ માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમના અનિયંત્રિત પ્રયોગથી કોમી દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારોમાં સાંપ્રદાયિક અથડામણોના બનાવો

પણ બનેલા છે તેના પરિણામે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વિપરીત અસર થવાની સંભાવનાઓ વધી જાય છે.

જિલ્લામાં કોઈ પણ પ્રકારે સુલેહશાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતી તથા કાયદા પ્રત્યે માન જળવાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ દ્વારા થતા અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના નિર્દેશો તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ની જોગવાઈઓ ધ્યાને લેતા માઈક, લાઉડ સ્પીકર તથા ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમના ઉપયોગ પર નિયંત્રણ કરવું ઘણું જ જરૂરી છે.

દરેક માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોડી) સીસ્ટમધારકોએ અવાજના પ્રદુષણને અટકાવવા નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખત ચુકાદાના નિર્દેશો તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રુલ્સ, ૨૦૦૦ની નીચે મુજબની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

**Ambient Air Quality Standard in respect of Noise**

| Area Code | Category of Area/Zone | Limits in dB(A) Leq* | |
|---|---|---|---|
| | | **Day Time** | **Night Time** |
| (A) | Industrial Area | 75 | 70 |
| (B) | Commercial Area | 65 | 55 |
| (C) | Residential Area | 55 | 45 |
| (D) | Silence Zone | 50 | 40 |

Note

1. Day Time shall mean from 6.00 a.m. to 10.00 p.m.
2. Night Time shall mean from 10.00 p.m. to 6.00 a.m.
3. Silence zone is defined as an area comprising not less than 100 metres around hospitals, educational institutions and courts. The silence zones are zones which are declared as such by the competent authority.
4. Mixed Categories of areas may be declared as one of the four above mentioned categories by the competent authority.

[ dB (A) Leq denotes the time weighted average of the level of sound in decibels on scale A which is relatable to human hearing.

A “decibel” is a unit in which noise is measured.

“A” , in dB(A)Leq, denotes the frequency weighting in the measurement of noise and corresponds to frequency response characteristics of the human ear

Leq : It is an energy mean of the noise level, over a specific period.]

અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ, ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ /વાજિંત્રો રાતના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય. લગ્ન તથા ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં નાચગાન કે ઘોંઘાટને કારણે ઝગડા તથા તકરારો ન થાય તેમજ ધ્વનિ પ્રદુષણને અંકુશમાં લેવા તેમજ જિલ્લામાં કોઈ પણ પ્રકારે સુલેહશાંતિનો ભંગ ન થાય અને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે વાસ્તે, હું સી.વી.લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, મહીસાગર - લુણાવાડા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(થ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર માટે નીચેના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**-:પરિશિષ્ટ :-**

“ મહીસાગર જિલ્લાનો સમગ્ર વિસ્તાર ”

**-: પ્રતિબંધિત કૃ ત્યો :-**

૧. સરકારી કચેરીઓ, હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાના વિસ્તારને શાંત

વિસ્તાર તરીકે ગણવામાં આવે છે. જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સીસ્ટમનો ઉપયોગ કરી શકાશે નહીં.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમી લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો/ગીતોનો માઈક, લાઉડસ્પીકર તથા ડી.જે.(ડીસ્ક જોકી) સીસ્ટમમાં ઉપયોગ કરી શકાશે નહી.

૩. રસ્તાની ડાબી બાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફિકના તમામ નિયમો/કાયદાઓનો અમલ કરવો. નાચગાન તથા ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરી શકાશે નહીં.

૪. ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ Ambient Air Quality Standard in respect of Noise અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતોવખતના ચુકાદાઓના નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ની પર્યાવરણ સંરક્ષણની જોગવાઈઓ મુજબ Ambient Air Quality Standard હોવું જોઈએ તે જોતાં ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો અને જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તે વગાડવા પર કાયમને માટે પ્રતિબંધ છે. પરંતુ નીચેની શરતોને આધીન અગાઉથી અધિકૃત પરવાનગીના આધારે ફકત માઈક સીસ્ટમને પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

૫. રાત્રીના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી શકાશે નહી.

**માઈક અને ડી.જે. (ડીસ્ક જોકી) સીસ્ટમ વગાડવા માટેના પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો**

૧. ડી.જે સીસ્ટમના માલીક કે જે આ સીસ્ટમ ભાડે આપે છે તેઓએ નજીકના પોલીસ સ્ટેશનમાં ફરજિયાતપણે નોંધણી કરાવવાની રહેશે.

૨. માઈક સીસ્ટમ અને ડી.જે. વગાડવા માટે તેના માલીક/ભાગીદારે પરવાનગી અરજી જે તે વિસ્તારના મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીની કચેરીએ કરી, ૦૭ દિન પહેલાં મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચૂસ્તપણે બિનચુક અમલ કરવાનો રહેશે. શરતોનો ભંગ થયેથી પરવાનગી રદબાતલ થયેલ ગણાશે.

૩. વરઘોડો / રેલી, ધાર્મિક, રાજકીય કે સામાજિક શોભાયાત્રાઓના સમય દરમ્યાનમાં ઉપરોક્ત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિચ્છનીય બનાવ બને તો તેની સંપૂર્ણ જવાબદારી પરવાનેદાર / પરવાનગી લેવા માટે આવનાર વ્યક્તિની રહેશે.

૪. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહીસાગરના અધિકાર ક્ષેત્રની જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખિત પરવાનગી સિવાય કરી શકાશે નહીં, તેમજ અવાજનું પ્રદુપણ ફેલાવી શકાશે નહી.

૫. આવી પરવાનગી માટેની અરજી લેખિતમાં હોવી જોઈએ તેમજ તેના ઉપર ઉપયોગ કરનાર વ્યક્તિની સહી હોવી જોઈએ.

૬. આવી પરવાનગીની અરજી તેના ઉપયોગ કરવાના હોય તે દિવસથી ઓછામાં ઓછા સાત દિવસ પહેલા પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે. પરંતુ વ્યાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી તેમ કરવા માટે અધિકૃત અધિકારી પોતાની વિવેકબુદ્ધિ અનુસાર આપી શકશે.

૭. અરજદાર તથા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ પરના અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાનાધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૮. માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ ઉપરોક્ત અવાજની માત્રા દર્શાવતા પત્રક પ્રમાણે સવારના ૦૬:૦૦ કલાકથી રાત્રીના ૨૨:૦૦ કલાક સુધી જ થશે.

૯. અવાજ પ્રદુષણ (નિયમન અને પ્રતિબંધ) નિયમો, ૨૦૦૦ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજિંત્રો રાત્રીના ૧૦:૦૦ કલાકથી સવારના ૦૬:૦૦ કલાક સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ, આ સમય માટે માઈક સીસ્ટમ/વાજિંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં તેમજ પરવાનેધારકોએ આ સમય દરમ્યાન માઈક સીસ્ટમ /વાજિંત્ર વગાડવા ઉપયોગ કરી શકશે નહી. જે સુચનાનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. કોઈ પણ વિસ્તારમાં ઘોંઘાટ/અવાજનું હવામાનમાં પ્રમાણ ઉપરોકત પત્રકમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. આ માત્રાનો ભંગ ન થાય તેની પરવાનેદારે/પરવાનગી લેનારે તકેદારી રાખવાની રહેશે.

૧૧. મંદિરો, ચર્ચ, મસ્જિદોમાં માઈક સીસ્ટમ/વાજિંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલો હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહી.

૧૨. ગતિમાન વાહનમાં કોઈ પણ માઈક સીસ્ટમ/વાજિંત્રનો ઉપયોગ જિલ્લા મેજિસ્ટ્રેટ તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈ પણ હેતુ માટે વાપરવો નહીં અથવા ચલાવવો નહી.

૧૩. માઈક સીસ્ટમ/વાજિંત્રના ઉપયોગથી આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય કે નુકશાન અટકાવવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈ પણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ / વાજિંત્ર વાપરવા પર મનાઈ ફરમાવતો હુકમ કરી શકશે.

૧૪. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજિંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી શકશે.

આ જાહેરનામાના ભંગ બદલ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. અને ગુનો નોંધી, માલીક, ભાગીદાર, મેનેજર, સંચાલકની ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુન્હાના મુદામાલ તરીકે કબજે કરવામાં આવશે.

આ હુકમ અન્વયે મહીસાગર જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષક થી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર પોલીસ અધિકારી/કર્મચારીઓને ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું આગામી તા.૨૧/૦૧/૨૦૨૬ થી તા.૨૧/૦૩/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

**સી. વી. લટા,**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
મહીસાગર-લુણાવાડા.

-------------------

## જાહેરનામું

**-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે :-**

File No: NAV/mag/e-file/453/2025/7240/Deputy Chitnish.-હાલ ગુજરાત રાજયમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિન પરવાનગીથી બેસવાની ઘટનાઓ વારંવાર બનવા પામેલ છે. નવસારી જિલ્લામા પણ નાગરીકો પોતાની માંગણી, રજુઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતું અને મનસ્વી આયોજન કરી આ કચેરીમાં તેમજ જાહેરમાર્ગ પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. જેથી નવસારી જિલ્લામા જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ નીચે હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટેટ, જિલ્લો- નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી ઉપલબ્ધ જોગવાઈઓ અન્વયે મને મળેલ સત્તાની રૂએ કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી નવસારી, જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તથા નવસારી જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની કચેરી તથા તાલુકા ખાતે આવેલ તાલુકા મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી, જીલ્લાની મહાનગરપાલિકા તેમજ તમામ નગરપાલિકા તથા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ તેમજ કમ્પાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ધરણા / ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસોએ એકત્રિત થવા કે સભા/સરઘસ જેવા કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

**:: અમલવારીનો વિસ્તાર અને સમયગાળો ::**

આ હુકમ નવસારી જીલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૧૬-૦૧-૨૦૨૬ થી તા.૩૧-૦૧-૨૦૨૬ સુધી બન્ને દિવસો સહીત અમલમાં રહેશે.

**:: અપવાદ ::**

આ હુકમ જે વ્યકિત સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

**: શિક્ષા :**

આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ સજાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષાકશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ તા.૧૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

**યોગરાજસિંહ બી. ઝાલા,**
અધિક જિલ્લા મેજિસ્ટેટ
નવસારી

-------------

**વંચાણે લીધું:-**

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ (ગ્રામ્ય)ની કચેરીના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક- એલ.આઈ.બી/ JOINT ENTRANCE EXAMINATION JEE (MAIN) 2026/પરીક્ષા/જાહેરનામું/૩૪૦ / ૨૦૨૬, તા. ૧૩/૦૧/૨૦૨૬

**જાહેરનામું**

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૧૬૩ અન્વયેનો હુકમ**

નં.એસ.આર૧૦/૨૦૨૬/ડીસી/એમએજી/જાહેરનામું/JOINT ENTRANCE EXAMINATION JEE (MAIN) 2026/પરીક્ષા/ એસ.આર.૧૦/૨૦૨૬.- આમુખ-(૧) ના પત્રથી પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક-એલ.આઈ.બી/ JOINT ENTRANCE EXAMINATION JEE (MAIN) 2026/પરીક્ષા/ જાહેરનામું/૩૪૦/ ૨૦૨૬, થી જણાવ્યા મુજબ, JOINT ENTRANCE EXAMINATION JEE (MAIN) 2026 BEING CONDUCTED BY NTA IN COMPUTER BASED TEST (CBT) MODE પરીક્ષા, તા. ૨૧,૨૨,૨૩,૨૪ તા. ૨૮/૦૧/૨૦૨૬ ના રોજ પ્રથમ શીફટ કલાક ૦૯/૦૦ થી ૧૨/૦૦ અને બીજી શીફટ ૧૫/૦૦ થી ૧૮/૦૦ દરમ્યાન તેમજ તા.૨૯/૦૧/૨૦૨૬ ના રોજ કલાક ૦૯/૦૦ થી ૧૨/૩૦ દરમ્યાન બોપલ પો.સ્ટે.ની હદના એક કેન્દ્ર ખાતે યોજાનાર છે. જે અન્વયે પ્રતિબંધીત વિસ્તાર જેમા પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તારમાં નીચે મુજબના પ્રતિબંધીત કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવવાનુ પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું બી. આર. સાગર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૬૩થી મને મળેલ અધિકારની રૂઈએ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેરની હદ સિવાયના સમગ્ર અમદાવાદ જીલ્લાના મહેસુલી વિસ્તારમાં નીચેના કૃત્યો કરવાનો પ્રતિબંધ ફરમાવુ છું.

**પ્રતિબંધિત વિસ્તાર**

| અ.નં. | પો.સ્ટે.નુ નામ | પરીક્ષા કેન્દ્રનું નામ તથા સરનામું |
|---|---|---|
| ૧ | બોપલ | ION DIGITAL ZONE IDZ BOPAL, HALL MARK INFOTECH, OPP. THE TULIP INTERNATIONAL SCHOOL, STERLING CITY, BOPAL, AHMEDABAD |

**પ્રતિબંધિત કૃત્યો:**

(૧) પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજયામાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓએ ભેગા થવા ઉપર

(૨) પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજયામા ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા ઉપર

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા ઉપર

(૪) પરીક્ષા સ્થળો પર ગેરરીતિ થાય તેવું કોઈપણ સાધન લઈ જવા ઉપર

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિન અધિકૃત વ્યક્તિઓના પ્રવેશ ઉપર

(૬) પરીક્ષામાં ભાગ લેનાર ઉમેદવારો પરીક્ષા દરમ્યાન કોઇ પણ પ્રકારના વિજાણુયંત્રો પોતાની પાસે નહિં રાખવા. ઉપર

**અપવાદ**

આ હુકમ ફરજ પરના પોલીસદળ/હોમગાર્ડના કર્મચારીઓ/અધિકારીઓ તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી/ અધિકારીશ્રીઓને લાગુ પડશે નહી.

**સમયગાળો**

આ હુકમ તા.૨૧/૦૧/૨૦૨૬ થી તા.૨૪/૦૧/૨૦૨૬ અને તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ સવારે ૦૮:૦૦ કલાક થી ૧૨:૩૦ કલાક અને બપોરે ૧૪:૦૦ કલાક થી ૧૮:૩૦ કલાક અને તા.૨૯/૦૧/૨૦૨૬ના રોજ સવારે ૦૮:૦૦ થી ૧:૦૦ કલાક દરમ્યાન અમલમાં રહેશે.

**શિક્ષા**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા,૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અવ્યે અમદાવાદ જીલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં ફરજ બજવતાં પોલીસ અધિક્ષકશ્રીનાં દરજ્જાથી પોલીસ હેડ કોન્સ્ટેબલ સુધીનાં હોદા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિત, ૨૦૨૩ ની કલમ - ૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ - ૧૧૭ મુજબ ફરિયાદ કરવા માટે અધિકુત કરવામા આવે છે.

આજ તા. ૧૬/૦૧/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

**બી. આર. સાગર,**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અમદાવાદ

----------------

**સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી દ્વારા**

**વંચાણે લીધા :-**

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક-સીટીએસ/૧૨૨૦૧૫/૧૯૬૪/હ,તા.૦૮/૦૯ /૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક:-સીટીએસ/૧૩૨૦૨૧/૧૬૦૫/હ, તા.૧૦/૦૮/૨૦૨૨

(૩) સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:-એસ.વી.૫/સ્વામિત્વ/ચુના માર્કીંગ ગાઈડલાઈન/૨૦૨૨, તા.૨૮/૦૧/૨૦૨૨

(૪) જિલ્લા નિરીક્ષકશ્રી જમીન દફતર, આણંદના પત્ર ક્રમાંક:સિ.સ.-૦૩/સ્વામિત્વ/કણિયા/પેટલાદ/જાહેરનામુ/વશી-૨૦૨૬ જા.નં.૭૪ તા.૧૩/૦૧/૨૦૨૬

-::જાહેરનામું::-

નં.સુ.લે.રે./પેટલાદ-કણિયા/સ્વામિત્વયોજના/૧૨૬જાહેરનામું/૪૪/૨૦૨૫.-ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ ધ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી ધ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ - SVAMITVA ( Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

